

Alternatives India VIKALP sangam

CFR-la Community Forest Rights - learning & advocacy

# સામુદાયિક વન અધિકારો અને મહામારી

## ગ્રામસભાઓ માર્ગ ચીંધે છે

વૈશ્વિક મહામારી અને લોકડાઉનની પેલે પાર:
‘સાધારણ’ લોકોનું અસાધારણ કામનો ભાગ-૨

અને

કોવીડ૧૯ અને વન અધિકારોનું બુલેટિન ૫

**ઓક્ટોબર ૨૦૨૦**

# અનુક્રમણિકા


**પ્રસ્તાવના** ૩

**પૂર્વભૂમિકા** ૪

**૧) ગુજરાત - નર્મદા** ૫
વંચિત સમુદાયોને સહાયરૂપ

**૨) મહારાષ્ટ્ર - ગોંડીઆ** ૮
ફેડરેશન દ્વારા એમએફપી આજીવિકાઓની ખાતરી

**૩) છત્તીસગઢ - રાજનંદગાંવ** ૧૦
ગ્રામસભા દ્વારા સંચાલિત શાસન

**૪) મહારાષ્ટ્ર - ધુલે** ૧૩
સ્થાનિક સ્વાયત્તતા અને અન્નનું સાર્વભૌમત્વ

**૫) ગુજરાત - કચ્છ** ૧૫
પશુપાલકો અને પશુધન માટે રચાયેલ સીએફઆરએમસી

**૬) મહારાષ્ટ્ર - નંદુરબાર** ૧૮
બહારી સ્થળાંતરમાં ઘટાડો

**૭) પશ્ચિમ બંગાળ - અલીપુરદુઆર** ૨૦
જંગલોનુ સામુદાયિક સંરક્ષણ

**૮) મધ્ય પ્રદેશ - ડીંડોરી** ૨૨
પીવીટીજી મહિલાઓ દ્વારા કોવીડ૧૯ રાહત પધ્ધતિઓ

**૯) કર્ણાટકા - ચમરાજનગર** ૨૫
આદિવાસી સહકારી સંસ્થાઓ અને એજન્સીઓ

**૧૦) ઓડિશા - નયાગઢ** ૨૭
વનસંરક્ષણ અને આહારનું વૈવિધ્ય

**ચાવીરૂપ બોધપાઠ** ૩૦

**ઉપસંહાર** ૩૨

**સંક્ષિપ્ત સ્વરૂપો અને શબ્દાવલિ** ૩૪

**આભાર સૌજન્ય** ૩૭

# પ્રસ્તાવના



ભારત હાલમાં કોવીડ૧૯ થી સૌથી વધારે અસરગ્રસ્ત દેશોમાંથી એક છે, અહી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધીમાં ૬ મિલિયનથી વધારે કેસો નોંધાયા છે. આ મહામારી અને લોકડાઉને ગરીબ અને વંચિત સમુદાયના મોટા વર્ગને ભારે અસર પહોંચાડી છે, ઘણા બધા લોકોને તેમની આજીવિકા અને રોજગારી ગુમાવવી પડી છે તેમજ આહારની અસલામતી અને સામાજીક-આર્થિક તણાવનો સામનો કરવો પડયો છે. ભારતમાં સ્થળાંતરણ કરનારા શ્રમિકોએ જે તીવ્ર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો એ વૈશ્વિક સમાચાર અને નિસબતનો મુદ્દો બન્યો હતો તેમ છતાં, ભારત સરકારે તેમના ચોમાસુ સત્રમાં એવો પ્રતિભાવ આપ્યો છે કે તેમની પાસે કેટલા લોકોએ તેમના જીવ ગુમાવ્યા અને કેટલાએ તેમની નોકરીઓ ગુમાવી એનો કોઇ ચોક્કસ ડેટા ન હોવાથી તેમને કોઇ પણ જાતનું વળતર આપી શકાય એમ નથી. આ સ્થળાંતર કરનારા શ્રમિકોમાં આદિવાસી અને અન્ય વનવાસી(ઓટીએફડી)ઓ સહિત તમામ સમુદાયોનો સમાવેશ થતો હોવાની સંભાવના છે કારણ કે આ સમુદાયો ઘણીવાર આજીવિકાના વધારે સારા વિકલ્પોની શોધમાં શહેરો તરફ સ્થળાંતર કરતા હોય છે.

વિતતા જતાં સમય સાથે, સ્થાનિક સમુદાયો ઇકોસીસ્ટમની સરળ ઉપલબ્ધિ, વપરાશ, પ્રબંધન અને સંરક્ષણ અધિકારોના અભાવને કારણે તેમની પરંપરાગત ઇકોસીસ્ટમ પરથી તેમની પકડ ગુમાવતા જાય છે; સ્થાયી કુદરત આધારિત આજીવિકા મેળવી શકાય એવુ વ્યવસ્થાતંત્ર વિકસાવવા અને તેના સંરક્ષણ માટે અર્થસભર સહકારનો અભાવ; ગ્રામીણ વિસ્તારોમાં નોકરીની ખાતરી આપતી યોજના - મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમપ્લોયમેન્ટ ગેરંટી એક્ટ(મનરેગા) જેવી કલ્યાણકારી યોજનાઓનું ક્ષતિગ્રસ્ત અમલીકરણ; વનવાસી સમુદાયોને તેમના સ્થાનિક વસવાટના હકથી વંચિત કરીને તેમની પરંપરાગત ઇકોસીસ્ટમને ઔદ્યોગિક અને ખાણકામ હેતુઓ માટે ઉપયોગમાં લેવી, અને અવારનવાર તેમના તરફથી તીવ્ર વિરોધનો સામનો કરવો; આ બધા તો માત્ર મુઠ્ઠીભર કારણો છે ભારતના આદિવાસી અને સ્થાનિક વનવાસી સમુદાયો(ઓટીએફડી) માં તીવ્ર આર્થિક, સામાજીક અને પર્યાવરણીય સંકટો સર્જાવા માટે, જેમાં મુશ્કેલીઓને કારણે કરવા પડતા બહારી સ્થળાંતરનો પણ સમાવેશ થાય છે.

પ્રારંભિક આકારણી અહેવાલના તારણો અનુસાર, વનવાસી સમુદાયોને વન સંરક્ષણ અને આર્થિક નીતિઓને કારણે જે વંચિતતા, અત્યાચાર અને અન્યાયનો સામનો કરવો પડે છે તેમાં આ મહામારી દરમિયાન ઘણો વધારો થયો છે. કાર્યકાળની સલામતીનો અભાવ એ આ સમુદાયોની વંચિત પરિસ્થિતિ માટે જવાબદાર મુખ્ય કારણોમાંના એક તરીકે ઉભરી આવ્યુ છે. વધુમાં, આદિવાસી વિસ્તારોમાં પહેલેથી પ્રવર્તમાન કેટલીક પરિસ્થિતિઓ જેવી કે પ્રાથમિક આરોગ્ય સુવિધાઓની તીવ્ર તંગી અને અભાવ, આરોગ્ય સેવાઓ પ્રદાન કરતા વ્યવસાયિકોનો અભાવ, માહિતી અને સજાગતાનો અભાવ, પરંપરાગત આરોગ્ય સુવિધાઓનું પતનને કારણે વધારે મુશ્કેલીઓ સર્જાઇ છે અને આદિવાસી વિસ્તારો મહામારીની ઝપટમાં ઝડપથી આવે એવી શક્યતાઓ વધી છે. લોકડાઉનના કારણે મોટાભાગના વિસ્તારોમાં સમુદાયોની સ્થાનિક આજીવિકાઓને ગંભીર અસરો થઇ છે. લગભગ ૧૦૦ મિલિયન જેટલા વનવાસીઓ ખોરાક, રહેઠાણ, દવાઓ અને રોકડ આવક માટે વિવિધ પ્રકારની વન્ય પેદાશો પર નિર્ભર છે. તેમની કમાવવાની સીઝન મુખ્યત્વે એપ્રિલ થી જૂન મહિના સુધીની હોય છે જે જોગાનુજોગ લોકડાઉનનો સમય હતો.

# પ્રસ્તાવના



આ સમસ્યાઓ છતાં, **આદિવાસી અને ઓટીએફડી સમુદાયના એવા સો થી વધારે ઉદાહરણો છે જેમણે આ સંકટનો સામનો કરવામાં નોંધપાત્ર હિંમત બતાવી હોવાનું પણ નોંધાયુ છે**, ખાસ કરીને જ્યાં તેઓ વાસ્તવમાં કાર્યરત હોય અથવા કાયદાકીય રીતે સશક્ત હોય. આ અભિગમ એવા વિસ્તારોમાં સૌથી વધારે જોવા મળ્યો છે જ્યાં જમીન અને વન અધિકારોને ધ શીડયુલ ટ્રાઇબ્સ અને અધર ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (વન અધિકારોને માન્યતા) એક્ટ ૨૦૦૬ (એફઆરએ) અને પંચાયત એક્સટેન્શન ટુ શીડયુલ એરિયાઝ એક્ટ ૧૯૯૬ (પીઇએસએ) હેઠળ માન્યતા પ્રાપ્ત થઇ છે - આ એવા બે કાયદા છે જે અંતર્ગત આદિવાસીઓ અને ઓટીએફડી સમુદાયોને તેમની જમીનો અને સંસાધનો અંગેના અધિકારોને માન્યતા પ્રાપ્ત થઇ છે. આ અધિકારોને માન્યતા મળવાને કારણે ઘણા બધા કેસોમાં તેઓ વિવિધ અવરોધો અને કટોકટીપૂર્ણ સંજોગોમાંથી બહાર આવી શક્યા છે.

આ પ્રકાશન એ આવા કેટલાક પ્રેરણાદાયી ઉદાહરણોનું દસ્તાવેજીકરણ કરવાનો એક પ્રયાસ છે જે આપણને આવી વ્યાપક પ્રમાણમાં પ્રસરેલી મહામુશ્કેલીના સમયમાં તેનો સામનો કરવા માટે સમુદાયોએ જે વ્યવસ્થાતંત્ર વિકસાવ્યુ છે તેને સમજવામાં મદદરૂપ થઇ શકે છે. **કેસ સ્ટડીઝમાં એવા ઉદાહરણો આપવામાં આવ્યા છે જે આપણને સામુદાયિક સશક્તિકરણના વિચારબીજને સમજવામાં મદદરૂપ થશે, ખાસ કરીને કાર્યકાળની સલામતીની ખાતરી કરીને અને કુદરતી સંસાધન શાસન અને પ્રબંધન સત્તા વિકસાવીને, પર્યાવરણને પુનઃજીવિત કરી શકાય તેમજ કુદરતી અને કોવીડ૧૯ મહામારી જેવી માનવસર્જિત આફતોનો સામનો કરવા માટે આપણા અર્થતંત્ર અને સમુદાયોને સ્થાયી રીતે સક્ષમ બનાવી શકાય.**

**1** નર્મદા **ગુજરાત**

**2** ગોંડીઆ **મહારાષ્ટ્ર**

**3** રાજનંદગાંવ **છત્તીસગઢ**

**4** ધુલે **મહારાષ્ટ્ર**

**5** કચ્છ **ગુજરાત**

# પ્રસ્તાવના


**6** નંદુરબાર **મહારાષ્ટ્ર**

**7** અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ**

**8** ડીંડોરી **મધ્ય પ્રદેશ**

**9** છમરાજનગર **કર્ણાટકા**

**10** નયાગઢ **ઓડિશા**




*ભારતના બંધારણના પાંચમા શીડયુલ મુજબ, શીડયુલ વિસ્તારો એ વિસ્તારો છે જે ‘‘આદિવાસી વસતીની પ્રગતિ અને આર્થિક પછાતપણાં’’ સાથે ભારતના નવ રાજ્યોમાં સમાવિષ્ટ છે. પીઇએસએ (પેસા), ૧૯૯૬ નું પાંચમા શીડયુલ વિસ્તારોમાં અમલીકરણ કરવામાં આવ્યુ છે જે ગ્રામસભાને સ્વ-શાસનની સત્તા પ્રદાન કરે છે.

1 નર્મદા ગુજરાત
2 ગોંડીઆ મહારાષ્ટ્ર
3 રાજનંદગાંવ છત્તીસગઢ
4 ધુલે મહારાષ્ટ્ર
5 કચ્છ ગુજરાત

# પૂર્વભૂમિકા

6 નંદુરબાર મહારાષ્ટ્ર
7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ
8 ડીંડોરી મધ્ય પ્રદેશ
9 છમરાજનગર કર્ણાટકા
10 નયાગઢ ઓડિશા

**ધ શીડયુલ ટ્રાઇબ્સ અને અધર ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (વન્ય અધિકારોને માન્યતા) એક્ટ, ૨૦૦૬ (એફઆરએ)** એ એવો કાયદો છે જે ભારતમાં સ્થાનિક સમુદાયો દ્વારા તેમના જમીન સંસાધન અધિકારો માટે દાયકાઓ સુધી હાથ ધરવામાં આવેલા લાંબા સંઘર્ષ બાદ અમલમાં આવ્યો હતો. એફઆરએ અંતર્ગત આદિવાસીઓ અને અન્ય પરંપરાગત વનવાસીઓને તેમના અધિકારો પાછા સોંપીને અને માન્યતા આપીને તેમની સાથે થયેલા ઐતિહાસિક અન્યાયને ઓળખ આપે છે, જેની લાંબા સમય સુધી નોંધ લેવાઇ નહોતી. આ કાયદામાં વન્યજમીનમાં વાવેતર કરવાના વ્યક્તિગત અધિકારો, અને જાહેર મિલકત સંસાધનો પર સમુદાયના અધિકારો અને વસવાટના અધિકારો બંનોનો સમાવેશ થાય છે. એફઆરએ એ હકીકતને માન્યતા પ્રદાન કરી છે કે વનવાસી સમુદાયો વન્ય જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અનિવાર્ય છે, અને જીવવૈવિધ્યના સંરક્ષણ અને પર્યાવરણીય સંતુલનના નિભાવ માટેના અધિકારો અને જવાબદારીઓ તેમને સોંપી છે, જેના પરિણામ સ્વરૂપે, સંરક્ષણનું શાસન વધારે મજબૂત બન્યુ છે તેમજ સાથે સાથે તેમની આજીવિકા અને આહારની સલામતીની પણ હાંસલ થઇ છે.

**સામુદાયિક વન સંસાધન અધિકારો (સીએફઆરઆર)** એ આદિવાસી અને અન્ય પરંપરાગત વનવાસી સમુદાયોને ગામની પરંપરાગત અથવા રૂઢિગત સરહદોની અંદર રૂઢિગત સામાન્ય વન્ય જમીન પર અથવા પશુપાલક સમુદાયના કેસમાં ખુલ્લા મેદાનોનો ઋતુગત વપરાશ અંગે આપવામાં આવેલા અધિકારો છે, જેમાં આરક્ષિત જંગલો, સુરક્ષિત જંગલો અને અભયારણ્ય તથા રાષ્ટ્રીય ઉદ્યાન જેવા સુરક્ષિત વિસ્તારોનો સમાવેશ થાય છે. એફઆરએની કલમ ૩ (૧) (i) સૂચવે છે કે 'એવા કોઇ પણ સામુદાયિક વન સંસાધન જે તેઓ (આદિવાસી અને અન્ય પરંપરાગત વનવાસીઓ) સ્થાયી વપરાશ માટે પરંપરાગત રીતે સાચવતા અને સંરક્ષિત કરતા આવ્યા છે તેને સાચવવાનો, પુર્નજીવિત કરવાનો અથવા સંરક્ષિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો અધિકાર છે'. કલમ ૫ ગ્રામસભાને તેના સીએફઆરમાં જીવવૈવિધ્ય, કુદરતી સંસાધનો, વન્યસૃષ્ટિ અને જળ સંસાધનો તેમજ તેમના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંસાધનોને પણ સાચવવાની, સંવર્ધન અને પ્રબંધન કરવાની તેમજ આ સંસાધનોને નુક્સાનરૂપ સાબિત થઇ શકે એવી કોઇ પણ પ્રવૃત્તિ અટકાવવાની સત્તા અને જવાબદારી પ્રદાન કરે છે.

**ગ્રામ સભા** એ સ્થાનિક સ્વ-શાસનનું પ્રાથમિક એકમ છે. એફઆરએ અનુસાર, ગ્રામ સભા, જેમાં ઓછામાં ઓછી ૧/૩ મહિલાઓની હાજરી હોવી જાઇએ, તેને દાવાઓની સોંપણી અંગેનો નિર્ણય કરવાની સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત, ગ્રામ સભાને ગૌણ પાણીગત માળખા (કલમ ૪ (જે)), ગૌણ વન્ય પેદાશ (કલમ ૪ એમ (ii)) અને સંસાધનો (કલમ ૪ એમ (vii)) ને નિયંત્રિત, આયોજીત અને પ્રબંધન કરવાની સત્તા છે. પંચાયત એક્સટેન્શન ટુ શીડયુલ એરિયાઝ એક્ટ (પીઇએસએ) ૧૯૯૬ ની કલમ ૪ (ડી) દર્શાવે છે કે, ગ્રામસભા અન્ય વસ્તુઓની જેમ સામુદાયિક સંસાધનોનું રક્ષણ કરવા સક્ષમ છે. ગ્રામસભા એક હિસાબ ખાતુ રાખે છે જેમાં કોઇ પણ અનુદાન આવ્યુ હોય, પછી તે સ્વૈચ્છિક યોગદાન હોય, અથવા વન્ય પેદાશો અને ગૌણ ખનીજના વેચાણમાંથી થયેલ આવક હોય, અથવા કોઇ હસ્તાંતરણ યોજના હેઠળ ટ્રાન્સફર થયા હોય એ બધાની નોંધ રાખે છે. આ ફંડનો ઉપયોગ કરવાના અધિકારો ગ્રામસભાના અંકુશ હેઠળ હોય છે.

**સામુદાયિક વન અધિકારો પ્રબંધન સમિતિઓ (સીએફઆરએમસી)** ની રચના ગ્રામસભા દ્વારા કલમ ૫ માં જણાવેલા હેતુના અનુસંધાનમાં વન્યસૃષ્ટિ, જંગલ અને જીવવૈવિધ્યના રક્ષણ માટે નિયમ ૪(૧)(ઇ) અનુસાર કરવામાં આવી છે. નિયમ ૪ (૧)(એફ) ગ્રામ સભાને આ સમિતિઓનું નીરિક્ષણ અને નિયંત્રણ કરવાની સત્તા આપે છે જેમને સામુદાયિક વન સંસાધનો માટે સંરક્ષણ અને પ્રબંધન આયોજનો તૈયાર કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

1 નર્મદા ગુજરાત | 2 ગોંડીઆ મહારાષ્ટ્ર | 3 રાજનંદગાંવ છત્તીસગઢ | 4 ધુલે મહારાષ્ટ્ર | 5 કચ્છ ગુજરાત

# વંચિત સમુદાયોને સહાયરૂપ

6 નંદુરબાર મહારાષ્ટ્ર | 7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ | 8 ડીંડોરી મધ્ય પ્રદેશ | 9 છમરાજનગર કર્ણાટકા | 10 નયાગઢ ઓડિશા

## વિષયો

**ગ્રામ સભા શાસન, વંચિત સમુદાયો માટે સહાય, જંગલની સુરક્ષા**




(ડા) આદિવાસી સમુદાયો તેમના સીએફઆર પ્રબંધન આયોજન તૈયાર કરે છે; (જ) સામુદાયિક વન સંસાધનોની માપણી

આ વાર્તા નર્મદા જીલ્લાના ડેડિયાપાડા તાલુકાના પૂર્વીય ભાગમાં સ્થિત ૨૪ ગામોના બનેલા એક ક્લસ્ટર વિશે છે. આ બધા ગામો આદિવાસી ગામો છે, જેમાં મુખ્યત્વે વસાવા જાતિના લોકો વસે છે, અને બે ગામોમાં તાડવી જાતિના કેટલાક પરિવારો છે. આ ગામો શૂળપાણેશ્વર અભયારણ્યનો પણ હિસ્સો છે, જેને ત્રણ તબક્કામાં - ૧૯૮૨, ૧૯૮૭ અને ૧૯૮૯ માં, ૬૧,૫૪૨.૪૦ હેક્ટર વન્ય જમીન પર અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યુ હતુ, જેમાં કુલ ૧૦૪ ગામો આવેલા છે, જેમાં ૨૫ નિર્જન ગામોનો પણ સમાવેશ થાય છે. વન વિભાગ અને પેપર મિલ ફેક્ટરી દ્વારા ઘણા બધા દાયકાઓ સુધી સમુદાયો પર થયેલી હિંસાનો સામનો કર્યા બાદ, વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ અમલી કરવામાં આવ્યો હતો, જેના લીધે લોકોને બદલાવ આવવાની સંભાવનાઓ દેખાવવાની શરૂઆત થઇ હતી. ૨૦૧૩-૧૪ માં, લાંબા ગાળાની લડત બાદ, આ ગ્રામ સભાઓને તેમના ગામોની કુલ ૧૯૨૨૦ હેક્ટર વન્ય જમીન માટે તમામ સીએફઆર દાવાઓ માટેના અધિકાર પત્રો મળ્યા હતા. ગુજરાતના ઘણા બધા જીલ્લાઓમાં થાય છે એનાથી વિપરીત, આ અધિકાર પત્રો વન અધિકાર અધિનિયમની તમામ શરતો અને નિયમોનું અવલોકન કરે છે. તેમને સીએફઆર અધિકાર પત્રો મળ્યા બાદ, ગ્રામ સભાએ ફરીથી નવી સામુદાયિક વન અધિકાર પ્રબંધન સમિતિઓ (સીએફઆરએમસી)ની ચૂંટણી કરી હતી, જે દરેકમાં ઓછામાં ઓછી એક તૃતિયાંશ જેટલી મહિલાઓ સભ્ય તરીકે ઉપસ્થિત હતી, અથવા જૂની સમિતિઓને સમર્થન આપીને ખરડા પસાર કર્યા હતા.

મધ્ય માર્ચ થી લઇને મધ્ય જૂન ૨૦૨૦ દરમિયાન, મોટાભાગના પરિવારોને લગભગ રૂા. ૫૦,૦૦૦ જેટલુ નુક્સાન થયુ હતુ. સંજોગોવશાત્ લોકડાઉન એવા મહિનાઓ દરમિયાન થયુ હતુ જ્યારે આ સમુદાયો ખેતરો અને અન્ય નાના ઉદ્યોગોમાં મજૂરીકામ માટે સ્થળાંતર કરે છે, જ્યાં તેઓ રૂા. ૨૦-૪૦,૦૦૦ કમાય છે અને આ ઉપરાંત, તેમણે તેમના ગામમાં ,મનરેગા કામ ઉપલબ્ધ ન થવાથી લગભગ રૂા. ૫૦૦૦ ગુમાવ્યા હતા. તેમણે તેમના રવિ પાક, ખાસ કરીને મકાઇ, લીલી તુવેર અને અન્ય શાકભાજીના વેચાણમાં ભારે નુક્સાન સહન કરવું પડયુ હતુ કારણ કે તેમને તે સામાન્ય કિંમત કરતા અડધી કિંમતે વેચવા પડયા હતા.

# વંચિત સમુદાયોને સહાયરૂપ



માર્ચ થી જૂન સુધીના મહિનાઓ વિવિધ ગૌણ વન્ય પેદાશોના સંગ્રહ અથવા વાવણી માટે પણ અગત્યના મહિના ગણાય છે. વાંસ અને તેંદુના પાન એવી બે મહત્વની ગૌણ વન્ય પેદાશ છે જેની કાપણી અથવા સંગ્રહ ફેબ્રુઆરી  થી મે દરમિયાન કરવાના હોય છે. ઘણી બધી ગ્રામસભાઓ પાસે તેમના જંગલોમાં અથવા રસ્તાની સાઈડમાં તેમના પાછલા અને વર્તમાન વર્ષોની વાવણી થી થયેલા વાંસના ઢગલા પડયા હતા. પેપર મિલવાળા તેને લઇ જવાની તૈયારીમાં જ હતા, પરંતુ ત્યારે જ કોરોના વાઈરસ આવ્યો અને અચાનક લોકડાઉન થઇ ગયુ. ઘણી બધી ગ્રામ સભાઓ અને પરિવારોને ભારે નુક્સાનનો સામનો કરવો પડયો હતો. ફરી એકવાર, ન તો ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન કે ન તો ગ્રામ સભાઓ તેંદુના પાનાઓની હરાજી/વેચાણની પ્રક્રિયા પૂર્ણ કરી શક્યા હતા. પરિણામ સ્વરૂપે, ઘણા બધા પરિવારો, ખાસ કરીને મહિલાઓએ તેમની તેંદુના પાંદડાઓમાંથી થતી આવક ગુમાવી હતી, જે સામાન્ય રીતે ઋતુ દીઠ, પ્રત્યેક પરિવારની રૂા. ૫-૧૦,૦૦૦ હોય છે.

કેટલાક પરિવારો, ખાસ કરીને મહિલાઓ અને બાળકોએ, કેટલીક અન્ય ગૌણ પેદાશો જેવી કે કાંજીના બીજ (*પીટ્રોકારપસ મારસુપીઅમ*), ગલવેડા (*ટીનોસ્પોરા કોર્ડીફોલીઆ*), બહેડા (*ટર્મીનેલીઆ બેલીરીકા*) વગેરેના વેચાણમાંથી થતી આવક પણ ગુમાવી હતી.

લોકડાઉનને કારણે એક તરફ તો વ્યાપક પ્રમાણમાં નાણાંકીય નુક્સાન થયુ હતુ, જ્યારે એવુ પણ પ્રથમવાર થયુ હતુ કે ગ્રામ સભાઓ વિકેન્દ્રિત સત્તામંડળ તરીકે કાર્ય કરવા સજ્જ થઇ ગઇ હતી. દરેક ગામમાં, એવા કેટલાક પરિવારો હતા, ખાસ કરીને ગોવાળિયાઓ અને નાના બાળકો હોય એવી વિધવાઓ, જેમને દિવસમાં બે ટંકનું ભોજન મેળવવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. આ પરિવારો મોટેભાગે જમીનમાં વાવણી કરતા નથી અને ફક્ત મજૂરીકામ અથવા ગૌણ વન્ય પેદાશો એકત્રિત કરીને તેના વેચાણમાંથી થતી આવક પર નિર્ભર રહે છે. સીએફઆરએમસી સભ્યો અને ગામના અન્ય આગેવાનોએ આવા પરિવારોને શોધી કાઢવાની જવાબદારી જાતે જ સંભાળી લીધી હતી. તમામ ગ્રામ સભાઓ પાસે પૂરતી આવક ન હોવાથી, તેમણે તેમની જાતે જ આ પરિવારોને થોડું અનાજ પૂરું પાડવાનુ નક્કી કર્યુ હતુ અને ત્યારબાદ તેમણે આર્ચ (એઆરસીએચ) વાહિનીનો સંપર્ક કર્યો હતો, જેણે આવા ૧૧૬ પરિવારોને ૩ મહિનાનું કરિયાણું, તેલ અને મસાલા સહિત પ્રદાન કર્યુ હતુ.

ગ્રામ સભાઓ લોકડાઉનના કારણે મોટી સભાઓ તો આયોજીત કરી શકી નહોતી પરંતુ કેટલીક ગ્રામ સભાઓના સીએફઆરએમસી સભ્યોએ, અગાઉની ચર્ચાઓના આધાર પર, પહેલ હાથ ધરી અને તેમના ગ્રામ સભા ફંડનો ઉપયોગ કરીને ટ્રેક્ટરની મદદ વડે નિર્ધારિત કલાકો માટે દરેક પરિવારની અંગત અથવા એફઆરએ જમીન પર જમીનને સમતળ કરવાની કામગીરીની શરૂઆત કરી હતી. લોકડાઉન દરમિયાન, મોટાભાગની ગ્રામસભાઓ/સીએફઆરએમસી એ તેમના સીએફઆરની સુરક્ષા કરવાનું ચાલુ રાખ્યુ હતુ, કારણ કે તેમને લાગતુ હતુ કે આ મહામારીના સમયમાં જંગલો સામે વધારે જોખમ ઉભુ થશે. આથી, લોકડાઉન દરમિયાન સાવચેતીના પગલાં તરીકે તેમણે ૩-૪ વ્યક્તિઓના જૂથમાં પેટ્રોલિંગ કર્યુ.

| | | | | |
|---|---|---|---|---|
| 1 નર્મદા **ગુજરાત** | 2 ગોંડીઆ **મહારાષ્ટ્ર** | 3 રાજનંદગાંવ **છત્તીસગઢ** | 4 ધુલે **મહારાષ્ટ્ર** | 5 કચ્છ **ગુજરાત** |

# વંચિત સમુદાયોને સહાયરૂપ

| | | | | |
|---|---|---|---|---|
| 6 નંદુરબાર **મહારાષ્ટ્ર** | 7 અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ** | 8 ડીંડોરી **મધ્ય પ્રદેશ** | 9 છમરાજનગર **કર્ણાટકા** | 10 નયાગઢ **ઓડિશા** |

તૃપ્તિ મહેતા, સીએસઓ આર્ક વાહિનીના એક સભ્ય, જે આ સમુદાયો સાથે ૧૯૮૦ થી કાર્યરત છે તેઓ જણાવે છે કેઃ *‘‘અત્યાર સુધી સમુદાયો મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી તેમનો રસ્તો શોધી લેતા હતા, પણ આ સંકટ? કોઈએ ક્યારેય સ્વપ્નમાં પણ નહોતુ વિચાર્યુ કે સમુદાયોએ ૨૦૨૦ માં એવી પરિસ્થિતિનો...કોવીડ ૧૯ મહામારીનો સામનો કરવો પડશે કે જે તેમની કલ્પના અને નિયંત્રણની બહાર હશે! લોકડાઉન દરમિયાન મોટાભાગના લોકોની પરિસ્થિતિ ખરાબ હતી, એટલા માટે નહિં કારણ કે કેટલાક પરિવારોને બાદ કરતાં, તેમનાં ઘરોમાં ખાવા માટે અન્ન નહોતુ, પરંતુ તેમણે વિવિધ સ્રોતોમાંથી થતી તેમની વાર્ષિક આવકમાંથી અડધી આવક ગુમાવી હતી. તેમ છતાં, આવુ પ્રથમવાર બન્યુ હતુ જ્યારે ગ્રામ સભા સક્રિય રીતે કાર્યરત હતી, વાસ્તવમાં, તેમને વન સંસાધનોના પ્રબંધન અને સુરક્ષાની જવાબદારી સોંપાયેલી હતી. મુખ્ય પડકાર એ હતો કે તેઓ આ સમગ્ર પ્રક્રિયા લોકશાહી અને પારદર્શક રીતે હાથ ધરે તેમજ જંગલોના પ્રબંધન અને સુરક્ષાની કામગીરી ચાલુ રાખે. ’’*



સમુદાયો તેમના સીએફઆર વિસ્તારોમાં વોટરશેડનું પ્રબંધન કરે છે

1 નર્મદા ગુજરાત | 2 ગોંડીઆ મહારાષ્ટ્ર | 3 રાજનંદગાંવ છત્તીસગઢ | 4 ધુલે મહારાષ્ટ્ર | 5 કચ્છ ગુજરાત

# ફેડરેશન દ્વારા એમએફપી આજીવિકાઓની ખાતરી

6 નંદુરબાર મહારાષ્ટ્ર | 7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ | 8 ડીંડોરી મધ્ય પ્રદેશ | 9 છમરાજનગર કર્ણાટકા | 10 નયાગઢ ઓડિશા

## વિષયો

**ગૌણ વન પેદાશ આજીવિકાઓ, ગ્રામ સભા ફેડરેશન શાસન**





(ડા) તેંદુના પાનના બંડલ તૈયાર કરતા વનવાસીઓ; (જ) મહિલાઓ માસ્ક પહેરીને અને સલામત સામાજીક અંતર જાળવીને એમએફપી એકત્રિત કરે છે

ગોંડીઆ જીલ્લામાં, ૭૫% વસતી આદિવાસીઓની છે, ખાસ કરીને ગોંડ અને હલબા આદિવાસીઓ. અહીં, ૨૫૦ થી વધારે ગામોના સીએફઆરને કાયદાકીય રીતે માન્યતા પ્રાપ્ત થયેલી છે, અને દેઓરી તાલુકામાં, ૨૯ ગામોએ તેમની ગૌણ વન્ય પેદાશોના સંગ્રહ અને વેચાણ માટે એક ફેડરેશનની રચના કરી છે. ફેડરેશન એક ચૂંટાયેલા માળખા તરીકે કામ કરે છે જે ગ્રામસભાને સહાય અને મદદ પ્રદાન કરે છે. તેનુ સંચાલન બે પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવે છે (એક પ્રમુખ અને એક મંત્રી), જે તમામ ૨૯ ગામોમાંથી હોય છે. દર વર્ષે, ફેડરેશન એ બાબતની ખાતરી કરે છે કે આદિવાસીઓ અને સ્થાનિક વનવાસીઓને ઋતુ દરમિયાન તેમણે કરેલા તમામ ૧૧ દિવસના કામનું મહેનતાણું તેમને મળી રહે, વન વિભાગ જેવું નહી કે જે તેંદુ એકત્રિત કરનાર પાસેથી તે ખરીદે અને તેમને માત્ર તેમની મજૂરીના ૨-૩ દિવસ માટેનું જ મહેનતાણું ચૂકવે. આ ઉપરાંત, વન વિભાગ, તેના વેપારીઓ દ્વારા, આ લોકોને પ્રતિદિન માત્ર રૂા. ૨૨૦ ચૂકવે છે અને માત્ર રૂા. ૨૫ જેટલુ ઓછું બોનસ ચૂકવે છે, જ્યારે ફેડરેશન પ્રતિદિન રૂા. ૩૦૦ ચૂકવે છે અને ઋતુગત બોનસ રૂા. ૨૦૦ આપે છે.

માર્ચ ૨૦૨૦ માં, જ્યારે લોકડાઉનની જાહેરાત થઇ હતી, દેઓરી તાલુકાના ગ્રામજનો તેંદુના પાના અને મહુવા એકત્રિત કરવાની પ્રક્રિયા અંગે મુંઝવણમાં હતા કારણ કે ભેગા થઇને, જૂથમાં કામ કરવુ અઘરુ હતુ. આ સંદર્ભમાં, ફેડરેશને મહારાષ્ટ્ર સરકાર પાસેથી મહુવા અને તેંદુના પાના એકત્રિત કરવા જવા માટેની મંજૂરી લીધી હતી.

નારાયણ સલામે, મંત્રી, ધમડીતોલા, સીએફઆરએમસીએ લોકડાઉન દરમિયાન ગૌણ વન્ય પેદાશોના વેચાણ અંગે વાત કરી હતી કે, *“તેંદુના પાન અને મહુઆ બંને સમુદાયના સભ્યો માટે આવકનો મહત્વનો સ્ત્રોત છે. મહુવા એકત્રિત કરવાની સીઝન દરમિયાન પરિવાર દીઠ સરેરાશ આવક રૂા. ૧૫-૨૦૦૦૦ હોય છે જ્યારે તેંદુના પાનમાંથી થતી આવક પરિવાર દીઠ લગભગ રૂા. ૧૦-૨૦૦૦૦ હોય છે. તેંદુના પાન એકત્રિત કરવાની કામગીરી લગભગ ૧૧ દિવસ*

## ફેડરેશન દ્વારા એમએફપી આજીવિકાઓની ખાતરી



*સુધી ચાલે છે, જ્યારે મહુવા એકત્રિત કરવાની કામગીરી ૩૦ દિવસ સુધી ચાલે છે અને દરેક પરિવાર આ સમય દરમિયાન રૂા. ૩૦-૪૦,૦૦૦ સુધી કમાય છે. તેંદુના પાનનું વેચાણ ફેડરેશન દ્વારા કરવામાં આવે છે, જ્યારે મહુવાનું વેચાણ વ્યક્તિગતરૂપે થાય છે. લોકડાઉન દરમિયાન, શરૂઆતમાં મહુવાનો ભાવ પ્રતિ કિલોગ્રામે રૂા. ૩૦ હતો, જ્યારે એપ્રિલ મહિનામાં એ વધીને પ્રતિ કિલોગ્રામે રૂા. ૬૦ જેટલો થયો હતો.''*

લોકો આ પાના એકઠાં કરીને જે આવક મેળવે છે તેનો ઉપયોગ તેમની વ્યક્તિગત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તેમજ અન્ય ખેતીસંબંધી પ્રવૃત્તિઓ જેવી કે મજૂરોને દહાડી ચૂકવવી, ડાંગર વાવવી વગેરે માટે કરવામાં આવે છે. લોકડાઉન દરમિયાન, ૨૯ ગામોના ૫૦૬૯ પરિવારના દરેક વયસ્ક સભ્યો વન પેદાશના એકત્રીકરણમાં સક્રિય હતા અને તે માટે આવક પણ મેળવતા હતા. આ સીઝન દરમિયાન, જ્યારે વેપારીઓ ખરીદી કરવા આવ્યા ત્યારે વેચાણ કેન્દ્રો ગામની બહાર ઉભા કરવામાં આવ્યા હતા. વધુમાં, લોકોએ વારંવાર હાથ ધોવાની ટેવ પાડી હતી અને સામાજીક અંતર જાળવતા હતા.

આ વર્ષે લોકડાઉન દરમિયાન, ૨૯ ગામોના ફેડરેશને તેંદુના પાન વેચીને રૂા. ૨.૫ કરોડની આવક કરી હતી, જ્યારે તેમની જાતે જ તમામ પ્રબંધનો કર્યાં હતા અને કોવીડ૧૯ ન ફેલાય એ માટે સાવચેતીઓ પણ રાખી હતી. આ ઉપરાંત, ફેડરેશને ૨૦૧૭ માં તેંદુના પાનના વેચાણમાંથી જે નફો થયો હતો તેનો ઉપયોગ વરસાદી પાણીના સંગ્રહ માટે સરોવરો ખોદવાની મશીનરી ભાડે લેવા માટે કર્યો હતો. આ વિસ્તારોમાં ભૂગર્ભજળને પુનઃ જીવંત કરવામાં આવ્યા હતા અને આથી ગામલોકો ડાંગરની વાવણી પર પણ ધ્યાન આપી શક્યા હતા. જ્યારે વિદર્ભ નેચર કન્ઝર્વેશન સોસાયટી (વીએનસીએસ) નામની સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો આ સમુદાયોને રાહત કીટ પ્રદાન કરવા માટે આવ્યા ત્યારે સમુદાયે તેમની આવકથી સંતોષ વ્યક્ત કર્યો અને આ કીટ સ્વીકારવાની ના પાડી.



દિવસભરની તેંદુના પાનાની ઉપજ સાથે વનવાસી મહિલાઓ

# ગ્રામ સભા દ્વારા સંચાલિત શાસન



## વિષયો

**સામુદાયિક વન શાસન, વન્ય આહાર, ગૌણ વન પેદાશ આજીવિકાઓ, અનુકૂલન અને પરિસ્થિતિનો સામનો કરવા માટેનું વ્યવસ્થાતંત્ર**






(ડા) મહુવાના ફૂલની ઉપજને સાફ કરતી મહિલાઓ; (જ) સમુદાય સલામત અંતર જાળવીને તેમનું સીએફઆર પ્રબંધન કાર્ય હાથ ધરે છે

*"ગ્રામ સભા દ્વારા તમામ પરિવારોને પૂરતો આહાર મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં ખાસ કરીને સૌથી વંચિત પરિવારો માટે કેટલા જથ્થામાં અનાજની જરૂર પડશે તેનો પણ અંદાજ મેળવવામાં આવ્યો હતો. તેમણે લોકો માટે મફત અને સૂકા રાંધેલા ખોરાકની વ્યવસ્થા કરી હતી. મોટી સંખ્યામાં સ્થળાંતરિત શ્રમિકો ઘરે પરત ફરવાના કારણે, જીલ્લામાં ક્વોરન્ટાઈન સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી અને તેમને જમવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી."* કેશવ ગુરનુલે, સૃષ્ટિ- એક સામુદાયિક સહાય સંસ્થા- ના એક સભ્યએ ગ્રામસભા દ્વારા કેવી રીતે કોવીડ પ્રબંધન આયોજનો કરવામાં આવ્યા હતા તે અંગે જણાવતા કહ્યું હતું.

અંબાગઢ ચૌકી છત્તીસગઢ રાજ્યના રાજનંદગાંવ જીલ્લાની અંદર આવેલા નવ વિકાસ તાલુકામાંથી એક છે. આ વિકાસ તાલુકામાં, મહત્તમ વસતી આદિવાસી છેઃ ગોંડ, કંવર, હલબા અને બૈગા, જે જંગલ અને ખેતી પર આધારિત છે. ૨૦૧૨-૧૩ માં, પાંગરી, ખૈરી, કેસલદાબરી, પાદકી, સોનોલી અને દુરેટોલાના ગામોને સંયુક્ત વન પ્રબંધન સમિતિ (*જેએફએમસી વન વિભાગ અને વન સમિતિઓ બંનેની બનેલી છે*) ના નામ અંતર્ગત તેમની સીએફઆર માન્યતા મળી હતી જે હેઠળ વન પેદાશ, પશુઓ ચરાવવા અને નિસ્તર (*સામુદાયિક અધિકારોને રાજાશાહી રાજ્યો અને જમીનદારી પ્રથાના સમયે ઓળખ પ્રાપ્ત થઈ હતી*) ના અધિકારો પ્રાપ્ત થયા હતા.

ગ્રામ સભાઓએ જેએફએમસી આયોજનને રદ કર્યુ હતુ અને તેમના અધિકારોને જાળવવા માટે, જંગલોનું ધ્યાન રાખવા તેમજ સીએફઆર સંરક્ષણ માટે સ્વતંત્ર રીતે સામુદાયિક વન અધિકાર પ્રબંધન સમિતિઓ (*સીએફઆરએમસી સામુદાયિક વન સંસાધનોના પ્રબંધન અંગે માર્ગદર્શન આપવા માટે સમગ્રતયા આદિવાસી અને વનવાસીઓની બનેલી હોય છે*)ની રચના કરી હતી. સીએફઆરએમસી દ્વારા સીએફઆરનું યોગ્ય અમલીકરણ કરવાની કામગીરી આ જીલ્લામાં હંમેશાથી ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે.

# ગ્રામ સભા દ્વારા સંચાલિત શાસન



કોવીડ૧૯ લોકડાઉન દરમિયાન, સમુદાયે ગ્રામ સભા દ્વારા અગાઉ મંજૂર કરેલ અને માન્યતા આપેલ પ્રબંધન આયોજન અનુસાર તેમના સીએફઆરની પ્રવૃત્તિ હાથ ધરી હતી. સાથે સાથે, ગ્રામ સભાઓએ કોવીડ લોકડાઉન શાસન પ્રક્રિયાની શરૂઆત કરી હતી તેમજ સંચાલન કર્યુ હતુ. સરકાર અને પોલીસ એડમિનિસ્ટ્રેશન, વન વિભાગ અને સ્વાસ્થ્ય વિભાગે થોડા સમય બાદ ગ્રામ સભા સંચાલિત પહેલનું ફક્ત અનુસરણ કર્યુ હતુ અને સહકાર આપ્યો હતો. વાસ્તવમાં, સ્થાનિક વહીવટીતંત્રએ ગ્રામસભાના આયોજનોના વખાણ કર્યા હતા અને તેમને ટેકો આપ્યો હતો કારણ કે તે આયોજનો સ્થાનિક અને વન આધારિત ખાદ્ય સલામતીને પ્રોત્સાહન આપનારા હતા, અને તેના લીધે બજારમાં ભીડ એકઠી થતી અટકાવી શકાઇ હતી. આપણે જોઇ શકીએ છીએ કે ગ્રામ સભાઓએ જંગલોની સુરક્ષા અને સંરક્ષણ, ગૌણ વન પેદાશોનું એકત્રીકરણ અને વેચાણ, ખાદ્ય સલામતી અને વિતરણ તેમજ આજીવિકા પ્રબંધનને ધ્યાનમાં રાખીને આયોજનો તૈયાર કર્યા હતા.

જ્યારે કોવીડ૧૯ ને એક મહામારી તરીકે જાહેર કરવામાં આવી અને રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી, ગ્રામસભાઓએ પણ સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યુ હતુ. જો કે થોડા જ સમય બાદ, સમુદાયોને કરિયાણાની વસ્તુઓ, દવાઓ અને શાકભાજી મેળવવામાં મુશ્કેલીઓ પડવા માંડી હતી. આથી, ગ્રામ સભાઓએ એકજૂથ થઇને કામ કરવાની પ્રક્રિયા દ્વારા આ સમસ્યાનો સામનો કરવાનો નિર્ણય કર્યો હતો. તેમણે ગામના લોકોને ઘરની આસપાસ ઉગતા ઔષધીય છોડ, ખેતરના શાકભાજી અને જંગલમાં થતા શાકભાજીનું વિતરણ કરવા માટે એક વ્યવસ્થા વિકસાવવાનું નક્કી કર્યુ હતુ અને ગામ લોકોને આવી વસ્તુઓની ખરીદી માટે બજારમાં જવા પર પ્રતિબંધ મૂક્યો હતો. માત્ર ગામના દુકાનદારોને જ કેટલીક જરૂરિયાતની કરિયાણાની વસ્તુઓ અને દવાઓ લેવા જવા માટે પાસ ઇશ્યુ કરવામાં આવ્યા હતા. જે ગ્રામજનો બિમાર હોય એવા કેસમાં, ગ્રામ સભાએ નક્કી કર્યુ હતુ કે તેમને મુખ્ય શહેર સુધી લઇ જવા એમ્બ્યુલન્સમાં તેમની સાથે બે વ્યક્તિઓ જઇ શકશે.

સીએફઆર પ્રબંધન આયોજનો અને મનરેગા યોજનાના ભાગ તરીકે, ફોરેસ્ટ પોન્ડ અને નિસ્તર પોન્ડ તૈયાર કરવામાં આવ્યા હતા અને રોજગારી માટે આ તળાવોમાં માછીમારીનો વ્યવસાય શરૂ કરવામાં આવ્યો હતો. આ જ સમયે, સ્થાનિક છોડ જેવા કે જીમીકંદા(સૂરણ/ *અમોરફોફલ્લસ પેઓનીફોલીઅસ*), કોચાઇકંદા (વાઇન પોટેટો/ *કોલોકેસીઆ એસક્યુલેન્ટા*) અને કેવકંદા (*કોસ્ટસ સ્પેસીઓસસ*) વાવવામાં આવ્યા હતા.

ધ સીએફઆરએમસીએ ગ્રામજનો/સ્થાનિકોને વન્ય ઉત્પાદનોના દૈનિક એકત્રીકરણની પ્રવૃત્તિ હાથ ધરવા માટે ઓળખ પત્રો અને પાસ આપ્યા હતા. દૈનિક ઉપયોગ અને વપરાશ માટે, તેમણે નક્કી કર્યુ હતુ કે દરેક વાંઢમાંથી ત્રણ મહિલાઓ અને ત્રણ પુરુષોને દરરોજ ફળ, ફૂલ, કંદમૂળ, શાકભાજી, બળતણનું લાકડુ અને ઘાસચારો વીણવા જવા માટે જંગલનો અલગ અલગ હિસ્સો ફાળવવામાં આવશે. સમિતિઓએ ગૌણ વન પેદાશો જેવી કે મહુવાના ફળ અને ફૂલ (*મધુકાલોન્જીફોલીઆ*), ચાર (*બુચાનાનીઆ લંઝન*) અને તેંદુના પાન (*ડીઓસ્પાયરોસ મેલાનોક્ષીલોન*) ના એકત્રીકરણ માટે એક આયોજન તૈયાર કર્યુ હતુ. તેમણે દરેક પરિવારમાંથી બે વ્યક્તિઓને જંગલમાં એક નિશ્ચિત જગ્યા ફાળવવાનું નક્કી કર્યુ હતુ અને દરેક વ્યક્તિએ માસ્ક પહેર્યો હતો તેમજ દરેક પરિવારની ઉત્પાદનો વીણવાની જગ્યા વચ્ચે ૧૦ મીટરનું અંતર જાળવ્યુ હતુ.

## ગ્રામ સભા દ્વારા સંચાલિત શાસન



લોકોને ગામની બહારના બજારોમાં જવા પર રોક લગાવવામાં આવી હતી. ગામમાં થતી આંતરિક અવરજવર પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જંગલની અંદરના તમામ માર્ગો બંધ કરવામાં આવ્યા હતા અને સમુદાય દ્વારા બહારના લોકો જંગલના કંદ, ફળો અને અન્ય ગૌણ વનપેદાશોની ચોરી અને હેરફેર ન કરે એનુ ધ્યાન રાખવામાં આવ્યુ હતુ.આ રીતે જંગલમાં ભીડ એકઠી થતી અટકાવી શકાઇ હતી અને સમુદાયના સભ્યો જંગલના વિવિધ વિસ્તારોમાં દાણચોરી થતી અટકાવી શક્યા હતા.

વન્ય પેદાશોનું એકત્રીકરણ અને ખાદ્યપદાર્થોના વિતરણ બંને પ્રવૃત્તિ દરમિયાન એ વાતની કાળજી રાખવી જરૂરી હતી કે સમુદાયોને ચેપ લાગવાની શક્યતાઓથી બચાવી શકાય. ગ્રામ સભાઓએ ભીડ એકઠી થતી અટકાવવા માટે જાહેર વિતરણ કેન્દ્રો પર ખાદ્ય વિતરણ કરવાની મનાઇ ફરમાવી હતી. તેની જગ્યાએ, તેમણે દરેક વ્યક્તિના ઘરના દરવાજે ખાદ્યપદાર્થો પહોંચાડવાનું નક્કી કર્યુ હતુ, જેના માટે તેમણે ગ્રામ પંચાયતની મદદ લીધી હતી, આ પદાર્થોને ૪૮ કલાક માટે સૂર્યપ્રકાશમાં રાખ્યા પછી જ તેનું વિતરણ કરવામાં આવતુ હતુ. ખાદ્યપદાર્થ વિતરણની કામગીરી શરૂ કરતા પૂર્વે, કોવીડ૧૯ વિશે સજાગતા કેળવવા માટે, ગ્રામ પંચાયતોને જાહેર સ્થળોએ આવેલી દીવાલો પર સ્વાસ્થ્ય સંબંધી માહિતી આપતા સૂત્રો લખાવવાની અને માહિતી લોકો સુધી પહોંચાડવા લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની સૂચના આપવામાં આવી હતી.




એક આદિવાસી મહિલા કોરોના વાઇરસ અને સામાજીક અંતર અંગે સજાગતા કેળવતા ભીંતસૂત્રો દોરે છે.

1 નર્મદા ગુજરાત | 2 ગોંડીઆ મહારાષ્ટ્ર | 3 રાજનંદગાંવ છત્તીસગઢ | 4 ધુલે મહારાષ્ટ્ર | 5 કચ્છ ગુજરાત


# સ્થાનિક સ્વાયત્તતા અને અન્નનું સાર્વભૌમત્વ


6 નંદુરબાર મહારાષ્ટ્ર | 7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ | 8 ડીંડોરી મધ્ય પ્રદેશ | 9 છમરાજનગર કર્ણાટકા | 10 નયાગઢ ઓડિશા


## વિષયો

**ખાદ્યાન્ન સલામતી, અન્નનું સાર્વભૌમત્વ, આદિવાસી એફએપઓ દ્વારા આજીવિકા ઉપાર્જન**







બારીપાડાના ગ્રામજનો તેમની આગવી ખેતી અને વનો પર આત્મ-નિર્ભર છે

૨૦૧૭ માં, ધુલે જીલ્લામાં આવેલી મંજરી ગામ પંચાયતના બારીપાડા ગામના રહેવાસી એવા લગભગ ૧૩૦ કોકણી અને ભીલ આદિવાસી પરિવારોને ઇન્ડીવીડયુલ ફોરેસ્ટ રાઇટ્સ (આઇએફઆર) અને સીએફઆરને કાયદાકીય રીતે માન્યતા પ્રાપ્ત થઇ હતી. અહીંના જંગલો વધારે ગાઢ ન હોવાથી, ગામના લોકો ખેડૂતો છે અને વર્ષભર અનાજ અને શાકભાજી ઉગાડે છે. ચૈતરામ પવાર, બારીપાડા ગામના એક સામાજીક કાર્યકર અને સમુદાયના સભ્ય જણાવે છે કે: *“શહેરમાં વસતા લોકો માટે કદાચ વિકાસ એટલે મોટી ઈમારત, ગાડી અને ટીવીનું વિશાળ સ્ક્રીન હોઈ શકે છે પરંતુ અમારા જેવા આદિવાસી ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકો માટે વિકાસ એટલે જમીન, જંગલો, ખેતી, પશુધન અને ખાદ્ય સલામતી. અને સૌથી વધારે મહત્વપૂર્ણ છે સ્વ-શાસન. બારીપાડા ગામના લોકો આ ૫ તત્વો: જન (માણસ), જલ (પાણી), જાનવર (પશુઓ), જંગલ (વન), જમીન (લેન્ડ) વચ્ચેના આંતરિક જોડાણને ખૂબ જ માન આપે છે. આ ઉપરાંત, અમે વધુ ત્રણ કેન્દ્રવર્તી પ્રક્રિયાઓ ઉમેરી છે: સામૂહિક જળ પ્રબંધન, સામૂહિક ખેતી અને સામૂહિક માર્કેટિંગ.”*

સામુદાયિક ખેતીના ભાગ તરીકે, જીલ્લાના ૪૫ ગામોના ૧૦૧૬ સૂકી ખેતીમાં રોકાયેલા ખેડૂતો ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન (એફપીઓ - ખેડૂત ઉત્પાદક સંગઠન) તરીકે સંગઠિત થયા છે જે ૨૦૧૪ થી કાર્યરત છે. ધ કંપની, દેશબંધુ એગ્રો રીસર્ચ એન્ડ પ્રોડયુસર કંપની એ મહારાષ્ટ્રની પ્રથમ સૌથી મોટી આદિવાસીઓ દ્વારા સંચાલિત કંપની છે. આ કંપનીની સ્થાપના નફો કમાવવા માટે નહી પરંતુ ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળી રહે તેનુ ધ્યાન રાખવા માટે સ્થાપવામાં આવી છે. જો કે, જો અમુક વર્ષોમાં નફો થાય તો તેના ૩૦% ખેડૂતોના ખાતામાં વિતરિત કરવામાં આવે છે અને બાકીની રકમ કંપનીની માળખાગત સુવિધાઓ (દા.ત. એક વર્ષે એફપીઓએ રાઇસ પ્રોસેસિંગ મિલ શરૂ કરવા માટે એક જમીનના ટુકડામાં રોકાણ કર્યુ હતુ) વિકસાવવા માટે ખર્ચવામાં આવે છે.

# સ્થાનિક સ્વાયત્તતા અને અન્નનું સાર્વભૌમત્વ



બારીપાડાની ગ્રામસભા લાંબા ગાળાના ક્લસ્ટર ડેવલપમેન્ટ પર કામ કરી રહી છે. લગભગ ૭-૮ વર્ષ પહેલાં, ગામલોકોએ એક સર્વે હાથ ધર્યો હતો અને ગામ માટે એક ઝીણવટભર્યુ આયોજન તૈયાર કર્યુ હતુ. જેમાં દરેક પરિવારને જમીનની ઉપલબ્ધિ અને માલિકીની, પાણી, ઉર્જા, પશુધન, આહાર, શાળાએ જતા બાળકો અને પરિવારના વડીલ સભ્યો અંગેની માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સર્વેમાં તેમની સમસ્યાઓના સ્થાનિક ઉકેલ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ જેથી કરીને ગ્રામજનોને સંકટના સમયે શાહુકાર પાસે નાણાં ઉધાર લેવા ન જવુ પડે. આ લાંબાગાળાની કામગીરીને કારણને, કોરોના વાઇરસ લોકડાઉનની આ સમુદાય પર ખાસ ગંભીર અસરો થઇ નહોતી.

છેલ્લા ઘણા વર્ષોથી, બારીપાડાના પરિવારો તેમના ઘર માટે પૂરતા શાકભાજી અને ખાદ્ય ઉત્પાદનો ઉગાડે છે અને વધારાના જથ્થાને સંગ્રહ કરે છે, અને આથી જ લોકડાઉન દરમિયાન પણ તેમને ખાદ્યપદાર્થોની તંગી સર્જાઇ નહોતી. અહીં ખાદ્ય પદાર્થોનું સારું વૈવિધ્ય જોવા મળે છે. ખરીફ ઋતુમાં, ગામલોકો ચોખા, અડદ (સ્પ્લીટ બ્લેક ગ્રામ), ચોળી (કાઉ પીસ), મગફળી (પીનટ), સોયાબીન અને જુવાર (શોરગમ) ઉગાડે છે, જ્યારે રવિ પાક તરીકે તેઓ ઘઉં, શેરડી, મસૂર, ડુંગળી અને મકાઇ ઉગાડે છે. અહીંનો સમુદાય પરંપરાગત વન્ય શાકભાજીની વિવિધ જાતના સંરક્ષણમાં પણ રોકાયેલો છે, જે તેઓ વાર્ષિક વન ભાજી મહોત્સવ (ફોરેસ્ટ વેજીટેબલ ફેસ્ટીવલ) દરમિયાન પ્રદર્શિત કરી છે અને વિનિમય કરે છે, અને આ જ્ઞાન સંકટના સમયમાં મદદરૂપ પુરવાર થાય છે. કોવીડ લોકડાઉન દરમિયાન, એફપીઓમાં સામેલ ગ્રામસભાઓએ તેમની કંપની દ્વારા ૫૦ ટન ચોખા વેચ્યા હતા જેનાથી લોકોને સારી આવક થઇ હતી.

1 નર્મદા **ગુજરાત** | 2 ગોંડીઆ **મહારાષ્ટ્ર** | 3 રાજનંદગાંવ **છત્તીસગઢ** | 4 ધુલે **મહારાષ્ટ્ર** | 5 કચ્છ **ગુજરાત**

# પશુપાલકો અને પશુધન માટે રચાયેલ સીએફઆરએમસી

6 નંદુરબાર **મહારાષ્ટ્ર** | 7 અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ** | 8 ડીંડોરી **મધ્ય પ્રદેશ** | 9 છમરાજનગર **કર્ણાટકા** | 10 નયાગઢ **ઓડિશા**

## વિષયો

**જંગલોને પુનઃજીવિત કરવા, જળ પ્રબંધન, આજીવિકાઓ**





(ડા) સીએફઆરએમસી તેમના જળ અને વન પ્રબંધન આયોજનોની ચર્ચા કરે છે; (જ) સીએફઆરએમસી આડેધડ ઉગી નીકળતા, ગાંડા બાવળને દૂર કરવા માટે જેસીબી મંગાવે છે

*“અમે ૫૫૦ કરતાં પણ વધારે વર્ષોથી અમારી ભેંસો સાથે વિચરતી જીંદગી જીવી હોવાથી, ઇન્ડિયન ફોરેસ્ટ એક્ટ, ૧૯૨૭ અને બન્નીના સુરક્ષિત જંગલોના ૧૯૫૫ નું જાહેરનામું અમલમાં આવ્યા બાદ, અમને બેઠાળુ જીવનશૈલી અપનાવવાની ફરજ પડી હતી,” ઈશાભાઈ, ગોરવલે ગામના માલધારી પશુપાલક એમની યાદોને વાગોળતા કહે છે. તે કહે છે કે, “ત્યારબાદ વન વિભાગ દ્વારા ગાંડા બાવળ (પ્રોસોપીસ જુલીફ્લોરા) તરીકે ઓળખાતી ખૂબ જ ઝડપથી ઉગી જતી નુક્સાનકારક એવી વૃક્ષની જાતના બીજ હવામાં નાંખવાનુ શરૂ કર્યુ હતુ. બન્નીમાં વનવિભાગનું કાર્યાલય સ્થપાવાથી અને ૨૦૦૯ માં આવેલી નવી કાર્ય નીતિને કારણે ચરિયાણ વિસ્તારો બંધ થઇ ગયા અને તેની ગંભીર અસરો અમારા પર થઈ. જો કે, તે સમયથી અમે અમારા સીએફઆર દાવાઓ દાખલ કર્યા છે જે હજી પણ પ્રોસેસમાં છે.”*

બન્ની ઘાસના મેદાનો, જે ગુજરાતના કચ્છ જીલ્લામાં સ્થિત એશિયાના સૌથી મોટા ઘાસના મેદાનોમાંથી એક છે, તેના માલધારીઓ, ભારતનું સૌ પ્રથમ પશુપાલક જૂથ છે જેણે એફઆરએ હેઠળ સફળતાપૂર્વક સીએફઆર માટે અરજી કરી છે. સીએફઆર માટે દાવો કરેલ વિસ્તાર ૨૫૦૦ ચો. કિ.મી. છે. ૧૯૪૭ પહેલા, ઘાસના મેદાનો પરની નિર્ભરતા સમુદાય આધારિત હતી-તેની કોઇ વ્યક્તિગત માલિકી નહોતી અને ઘાસના મેદાનોની અંદર તાર થી કોઇ સરહદો પણ બનાવેલી નહોતી. ૧૯૪૭-૫૫ વચ્ચેના ગાળામાં બન્ની ઘાસના મેદાનો રેવન્યુ વિભાગ હેઠળ લાવવામાં આવ્યા હતા અને ૧૯૫૫ માં, તેને સુરક્ષિત વન વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. ૧૯૯૮ માં, જીલ્લા સત્તામંડળ દ્વારા વન વિભાગને અધિકૃત રીતે ઘાસના મેદાનોની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારથી શરૂ કરીને અત્યાર સુધી ઘાસના મેદાનોની માલિકી અંગેનું ચિત્ર અસ્પષ્ટ છે, ન તો વન વિભાગ, ન તો રેવન્યુ વિભાગે તેમની માલિકીની પુષ્ટિ કરી છે અથવા સ્વીકૃતિ આપી છે.

1 નર્મદા ગુજરાત
2 ગોંડીઆ મહારાષ્ટ્ર
3 રાજનંદગાંવ છત્તીસગઢ
4 ધુલે મહારાષ્ટ્ર
5 કચ્છ ગુજરાત
6 નંદુરબાર મહારાષ્ટ્ર
7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ
8 ડીંડોરી મધ્ય પ્રદેશ
9 છમરાજનગર કર્ણાટકા
10 નયાગઢ ઓડિશા


# પશુપાલકો અને પશુધન માટે રચાયેલ સીએફઆરએમસી

બન્નીના સુરક્ષિત જંગલમાં ૧૯ ગ્રામ પંચાયતોના ૫૪ ગામો છે જે જંગલમાં આવેલા છે. આ ગામોમાંથી ૪૭ ગામોના સીએફઆર દાવાને ડીએલસી તરફથી માન્યતા મળી ગઇ હતી પરંતુ આદિવાસી અને વન મંત્રાલય તેમજ ક્લેક્ટર સમક્ષ વારંવાર ઉપસ્થિત થવા છતાં, સમુદાયને હજુ સુધી તેમના આરઓઆર અને ટાઇટલ (માલિકી અધિકાર) મળ્યા નથી. ગ્રામસભાઓએ સીએફઆરએમસીની રચના કરી છે, જેમણે તેમના આયોજન અનુસાર વિસ્તારના એવા વડીલો સાથે સલાહમંત્રાણા કરી હતી જેમને વિવિધ વિસ્તારોમાં આવેલા ઘાસની સંખ્યાબંધ જાતો, સ્થાનિક નાના છોડ, માટીના વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો તેમજ વન્યસૃષ્ટિ જેવી કે વિસ્તારના બગલા, જેકલ અને શિયાળ.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૨૦ માં, ૧૫ ગામોમાં સીએફઆરએમસી તેમના સંરક્ષણ અને પ્રબંધન આયોજનો હાથ ધરવામાં વ્યસ્ત હતી, કારણ કે ચોમાસા પહેલાનો સમયગાળો ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. ખાસ કરીને, ગાંડા બાવળ (*પ્રોસોપીસ જુલીફ્લોરા*) દૂર કરવા માટે, જે એવો નુક્સાનકારક છોડ છે જે ખૂબ જ ઝડપથી વધે છે અને સ્થાનિક ઘાસ અને વનસ્પતિનો નાશ કરે છે. શેરવો ગામમાં સીએફઆરએમસીએ ૨૦૦ હેક્ટર જમીન પરથી આ આક્રમક જાતને હટાવવા માટે મશીનનો ઉપયોગ કર્યો હતો, જ્યારે મિસરીયાડો ગામમાં, ૧૫૦ હેક્ટર જમીન પરથી આ છોડની આ આક્રમક જાતને નષ્ટ કરવામાં આવી હતી. જ્યારે લોકડાઉનની જાહેરાત થઇ ત્યારે, સીએફએમઆરસીને તેનું કામ અધવચ્ચે પડતુ મૂકવુ પડયુ હતુ.




બન્ની ઘાસિયા મેદાનો સીએફઆર વિસ્તાર તરીકેની જાહેરાત કરતા સાઇન બોર્ડની નજીક ઉભેલા માલધારી પશુપાલકો

1 નર્મદા ગુજરાત
2 ગોંડીઆ મહારાષ્ટ્ર
3 રાજનંદગાંવ છત્તીસગઢ
4 ધુલે મહારાષ્ટ્ર
5 કચ્છ ગુજરાત

# પશુપાલકો અને પશુધન માટે રચાયેલ સીએફઆરએમસી

6 નંદુરબાર મહારાષ્ટ્ર
7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ
8 ડીંડોરી મધ્ય પ્રદેશ
9 છમરાજનગર કર્ણાટકા
10 નયાગઢ ઓડિશા

માલધારી સમુદાય મુખ્યત્વે સ્થાનિક પશુધન ચરાવવા પર નિર્ભર છેઃ જેમાં કાંકરેજ ગાય અને બન્ની ભેંસ સૌથી સામાન્ય છે. મોટાભાગના પરિવારો પાસે ૫૦-૧૦૦ પશુઓ હોય છે, દરેક ગામ પાસે લગભગ ૫૦૦૦ અને સમગ્ર વિસ્તારમાં લગભગ ૧,૦૦,૦૦૦ થી વધારે પશુઓ હોય છે. પશુપાલક સમુદાય મોટેભાગે તેમના દૂધ ઉત્પાદન પર ટકી શક્યો હતો, સમુદાયના અમુક જ સભ્યોને ખાદ્ય પદાર્થોની તંગી વર્તાઇ હતી. આવા કેસોમાં, પડોશીઓ અને ગામલોકોએ તેમને મદદ કરી હતી. એ જ સમયે, વ્યાવસાયિક ઘાસચારાના ભાવ વધી રહ્યા હતા તેમ છતાં, આ સમુદાયો આડેધડ વધી રહેલા છોડને દૂર કરવા અને સમયસર પ્રબંધનને કારણે તેમના પોતાના ઘાસના મેદાનો પર નિર્ભર રહી શક્યા હતા.

લોકડાઉન સંજોગોવશાત્ માર્ચ થી મે એટલે કે ઉનાળાના મહિનાઓ દરમિયાન થયુ હતું, જ્યારે બન્નીના ઘાસના મેદાનો ખૂબ જ સૂકા હોય છે અને જળ સંગ્રહ કરવો ખૂબ જ જરૂરી હોય છે. કારણ કે માત્ર મનુષ્યો નહીં, પરંતુ લગભગ એક લાખ જેટલા પશુઓ પણ આ જળ વ્યવસ્થા પર આધારિત હોય છે, આથી દર વર્ષે આ વ્યવસ્થાનું ધ્યાન રાખવુ હિતાવહ બને છે. લોકડાઉન ૨.૦ ખુલ્યા બાદ, સીએફઆરએમસી ફંડનો ઉપયોગ પરંપરાગત ભૂગર્ભ જળ જીલને રીચાર્જ કરીને જળ પ્રબંધનની કામગીરી માટે શ્રમકાર્ય હાથ ધરનાર લોકોને ચૂકવવા માટે કરવામાં આવ્યો હતો. આબત તરીકે ઓળખાતી સામૂહિક કાર્ય પધ્ધતિ દ્વારા, સમુદાયોએ વીરડા તરીકે ઓળખાતા કૂવા ખોદવાનું કામ હાથ ધર્યુ હતુ, જે મીઠું વરસાદી પાણી એકત્રિત કરે છે. જુલાઇ અને ઓગષ્ટમાં, કચ્છના મોટાભાગના હિસ્સાઓમાં વરસાદ શરૂ થઇ ગયો હતો, તેમ છતાં સમુદાયો લોકડાઉન, બન્ની ઘાસના મેદાનો અને લોકોની આજીવિકાની જરૂરિયાતોના સમયસરના પ્રબંધનને કારણે સારી ખેતી કરી રહ્યા છે.

# બહારી સ્થળાંતરમાં ઘટાડો



## વિષયો

**બહારી સ્થળાંતરમાં ઘટાડો, ગૌણ વન્ય પેદાશ આજીવિકાઓ**





(ડા) સમુદાયો પાસે રોજગારી છે અને તેમના પોતાના વન પ્રબંધન માટે કામ કરે છે; (જ) સમુદાય દ્વારા સીએફઆર વિસ્તારોમાં સ્થાનિક વૃક્ષો વાવવામાં આવ્યા હતા

નંદુરબાર જીલ્લો મહારાષ્ટ્રમાં સીએફઆર માન્યતા ધરાવતો બીજો સૌથી મોટો વિસ્તાર છે, જ્યાં એપ્રિલ ૨૦૧૮ માં, સમુદાયો પાસે ૨,૧૬,૭૨૩.૧૦ એકરથી વધારે જમીનના ટાઇટલ હતા. જંગલમાં વિપુલ પ્રમાણમાં ભુટયા (ગુંદરનું ઝાડ/ *સ્ટેરક્યુલીઆ યુરેન્સ*), મહુઆ ફૂલ (*મધુકા લોન્જીફોલીઆ*), કુડ્ડાપાહ આલમન્ડ (ચાર વૃક્ષ/ *બુચાનાનીઆ લંઝન*) વૃક્ષો છે અને સીએફઆર પ્રબંધન આયોજનોના ભાગ તરીકે, સીએફઆરએમસી સ્થાનિક વનવાસીઓને આજીવિકા મેળવવામાં મદદરૂપ થાય એવા છોડ વધારે પ્રમાણમાં ઉગાડવા માટે માર્ગદર્શન આપી રહી છે.

સમુદાય એમએફપી સમૂહોમાં સંગઠિત થયેલો છે, જે એવા સભ્યોની બનેલી છે જે વન્યપેદાશ એકત્રિત કરે છે. સીએફઆરએમસી દરેક સમૂહ પાસેથી ગૌણ પેદાશ એકઠી કરે છે અને તેમને સ્પર્ધાત્મક ભાવ અને બોનસ આપે છે. આ એટલા માટે શક્ય બન્યુ છે કારણ કે તેઓ અમઅફપીનું વેચાણ સીધુ જ વેપારીઓને કરે છે અને તમામ વચોટીયાઓને ટાળે છે. સમિતિ પાસે ફંડ પ્રદાન કરવા માટે પણ માર્ગદર્શિકા છે જે અંતર્ગત એવી વ્યક્તિ કે જે કોઇ મુશ્કેલીના કારણે કોઇ એક સીઝન દરમિયાન વન્ય પેદાશ એકત્રિત કરવા જવા માટે અક્ષમ હોય તો તેને મદદરૂપ થવા માટે રકમ ફાળવવામાં આવે છે, આમ સીઝન દરમિયાન દરેકને આજીવિકા મળી રહે તેની કાળજી રાખવામાં આવે છે.

પ્રતિભા શિંદે, સ્થાનિક એનજીઓ લોક સમન્વય પ્રતિષ્ઠાનનો એક હિસ્સો છે, તે જણાવે છે કે, *"૨૦૧૬ સુધી, ઘણા બધા લોકો કામ માટે નંદુરબાર જીલ્લાથી બહાર સ્થળાંતર કરતા હતા. શ્રમિકો છ મહિના સુધી ખેતરોમાં મજૂર તરીકે કામ કરવા જતા હતા, જો કે હવે તે બંધ થઇ ગયુ છે. કોવીડ૧૯ લોકડાઉન દરમિયાન, ગામો પાસે આજીવિકાઓ હતીઃ વન્ય પેદાશોનું એકત્રીકરણ, મનરેગા દ્વારા ઝાડનું વાવેતર અને સીએફઆરએમસી દ્વારા સિંચાઇ અને અન્ય હેતુઓ માટે તળાવો ખોદવા અને જળ સંગ્રહ. વાસ્તવમાં, જીલ્લામાં જળ પ્રબંધન માટેનો આખો નક્શો, તોરણમલ પ્રદેશને*

# બહારી સ્થળાંતરમાં ઘટાડો



*કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો હતો, જેનું સમિતિઓ દ્વારા અમલીકરણ કરવામાં આવે છે. શ્રમિકો તેમના કામ માટે પ્રતિ દિન સરેરાશ રૂા. ૨૫૦-૩૦૦ મેળવતા હતા. ગામમાં રહેવાના ઘણા ફાયદા હતા, તેઓ જંગલોનું રક્ષણ કરી શકતા હતા અને તેમના બાળકોના શિક્ષણનું પણ ધ્યાન રાખી શકતા હતા. ''*

કોવીડ૧૯ લોકડાઉન દરમિયાન, નંદુરબારમાં સીએફઆરએમસી સંગઠિત થઇ હતી અને તેમણે ઇન્દોર અને મુંબઇ જેવા શહેરોમાં ૭૦ રૂા. પ્રતિ કિલોના ભાવે ગુંદર વેચ્યો હતો. ગામલોકોને ગુંદર એકત્રિત કરવાની મજૂરી પેટે પ્રતિ કિલોગ્રામ રૂા. ૫૦ અને નફાના બોનસ તરીકે પ્રતિ કિલોગ્રામ રૂા. ૧૦ ચૂકવવામાં આવ્યા હતા. તેમણે ૫૦ રૂા. પ્રતિ કિલોગ્રામના ભાવે મહુઆનું પણ વેચાણ કર્યુ હતુ અને ગામલોકોને મજૂરી પેટે ૪૦ રૂા. પ્રતિ કિલોગ્રામ અને પ્રતિ કિલોગ્રામ રૂા. ૫ નફાના બોનસ તરીકે ચૂકવ્યા હતા. લોકો લોકડાઉન દરમિયાન પણ વન્ય પેદાશના એકત્રીકરણથી થયેલી તેમની આવક લઇ શકતા હતા અને ગામની દુકાનોમાંથી તેમની જરૂરી વસ્તુઓ ખરીદી શકતા હતા.

વર્ષો વિતવા સાથે, સમુદાયોએ વૃક્ષની એવી જાત વાવી છે જેમાંથી એમએફપી બહાર કાઢી શકાય. લોકડાઉન દરમિયાન, ગામલોકોએ આંબા વાવ્યા હતા, જે ભવિષ્યમાં આજીવિકા મેળવવામાં અને ખાદ્ય સલામતી માટે લાભદાયક પુરવાર થઇ શકે. આ વર્ષે સમુદાયોએ વન્ય પેદાશોનો સંગ્રહ કર્યો છે, તેમને તેમની મજૂરીની કિંમત પણ મળી છે અને મહુઆ અને ગુંદરના ઝાડના વેચાણથી થયેલા નફામાંથી બોનસ પણ મળ્યુ હતુ. અન્ય એફએફપીમાંથી કેટલીક માટે, સમિતિઓ વેચાણ માટે વધારે સારા ભાવ મળવાની રાહ જોઇ રહી છે.





(ડા) સમુદાયો તેમના વનોનું સંરક્ષણ અને દરકાર કરે છે; (જ) વૈવિધ્યસભર વનપેદાશોનો ઉપયોગ કરીને ડિશ તૈયાર કરે છે

**1** નર્મદા **ગુજરાત**
**2** ગોંડીઆ **મહારાષ્ટ્ર**
**3** રાજનંદગાંવ **છત્તીસગઢ**
**4** ધુલે **મહારાષ્ટ્ર**
**5** કચ્છ **ગુજરાત**


# જંગલોની સામુદાયિક સુરક્ષા


**6** નંદુરબાર **મહારાષ્ટ્ર**
**7** અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ**
**8** ડીંડોરી **મધ્ય પ્રદેશ**
**9** છમરાજનગર **કર્ણાટકા**
**10** નયાગઢ **ઓડિશા**


## વિષયો

**સુરક્ષિત જાહેર કરવામાં આવેલા વિસ્તારોમાં જંગલની સુરક્ષા, જંગલોનું સામુદાયિક શાસન**







(ડા) કોડાલબસ્તીના પ્રવેશદ્વાર આગળ એક બોર્ડ, જે સામુદાયિક વન અધિકારોની ઘોષણા કરે છે!; (જ) દક્ષિણ મેંડાબારી સ્વઘોષિત સામુદાયિક વન અધિકારો

પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા સીએફઆર હજુ સુધી અધિકૃત રીતે માન્યતા પ્રાપ્ત નથી, તેમ છતાં, આદિવાસી સમુદાયો- રવા, સંથાલ, ઓરેઓન, મેચ અને કોચ તેમજ અન્ય વનમાં રહેતા વાન ટોંગ્યા સમુદાયો, જે પશ્ચિમ બંગાળના અલીપુરદુઅર જીલ્લામાં આવેલા જલદાપારા રાષ્ટ્રીય ઉદ્યાન અને બુક્ષા વાઘ અભયારણ્યની અંદર અને આસપાસ વસે છે, તેઓ ઘણા વર્ષોથી જંગલોનો લાભ પણ લે છે અને તેનું સંરક્ષણ પણ કરે છે.

કોલોનીઅલ સમયગાળા દરમિયાન, ટોંગ્યા સમુદાયો, જે વનમાં વસતા ગ્રામીણો તરીકે પણ જાણીતા છે, તેઓ જંગલની જમીન પર વાણિજ્યિક હેતુઓ માટે મોટાભાગે કોઇ પણ જાતના વેતન વગર વાવેતર કરતા હતા તેમજ તેમના હકોથી વંચિત હતા. ૨૦૦૯ સુધી, વન વિભાગે વૃક્ષોને સફાચટ (ક્લીઅર ફેલીંગ ફ્રુપ્સ - સીએફસી) કરવાનું ચાલુ રાખ્યુ હતુ જેમાં ગ્રામજનોને કોઇ પણ જાતના વન્ય અધિકારો વિના કામ કરવુ પડતુ હતુ. જો કે, એફઆરએ (૨૦૦૬) આવ્યા બાદ અને ૨૦૦૮ થી ઘણા બધા સમુદાયોએ દાવા માટે અરજી કરી હતી અને તેમના અધિકારો મેળવવા માટે કામગીરી હાથ ધરી હતી, ત્યારથી સીએફસી જવલ્લે જ જોવા મળે છે.

કોડાલ બસ્તી, ઉત્તર અને દક્ષિણ મેંદાબારી જેવા ગામો જંગલમાં સ્થિત અન્ય ગામોને  તેમના અધિકારો માટે, જંગલોને લૂંટફાટથી સુરક્ષિત બનાવવા, માછલી, બળતણનું લાકડુ અને વન્ય પેદાશો એકત્રિત કરવા તેમજ વન સંસાધનોના પ્રબંધન માટે કામગીરી હાથ ધરવા માર્ગ ચીંધે છે. જલદાપારા રાષ્ટ્રીય ઉદ્યાનમાં સ્થિત કોડાલ બસ્તી પશ્ચિમ બંગાળમાં તેમના સીએફઆરની સ્વ-ઘોષણા કરનાર પ્રથમ ગામ છે. તેમના સીએફઆર દાવા માટે અરજી કર્યા બાદ, ગ્રામજનોએ ૨૦૧૦ માં એક બોર્ડ મૂક્યુ છે જેમાં સૂચિત કરવામાં આવ્યુ છે કે તેમના વિસ્તારમાં આવેલ જંગલનું પ્રબંધન અને સુરક્ષા તેમના સમુદાય દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ, ગ્રામજનો દ્વારા બોર્ડ મૂકવાની એક સ્થિર ચળવળ શરૂ થઇ હતી, કેટલાક બોર્ડ તો સામુદાયિક જંગલોનું સીમાંકન દર્શાવવા માટે કોંક્રીટમાંથી બનાવવામાં આવ્યા હતા.

# જંગલોની સામુદાયિક સુરક્ષા



વન વિભાગ દ્વારા જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટિઓ (સંયુક્ત વન પ્રબંધન સમિતિઓ) ની રચના કરવામાં આવી હતી અને લોકોને તેમાં જોડાવવા માટે દબાણ કરવામાં આવ્યુ હતુ પરંતુ ગ્રામ સભાઓએ આ જેએફએમસીઓને નકારી દીધી હતી કારણ કે તે મોટેભાગે ફક્ત વન વિભાગની તરફેણમાં જ કામ કરતી હતી અને સમુદાયના અધિકારોને માન્ય ગણતી નહોતી. ૨૦૧૪ માં, એફઆરએમાં થયેલ જોગવાઇઓનો ઉપયોગ કરીને, અલીપુરદુઅર અને જલપાઇગુડીના વનમાં સ્થિત ૯૯ ગામોને કાગળ પર રેવન્યુ ગામોમાં તબદીલ કરવામાં આવ્યા હતા. જો કે, ફરી એકવાર અમલદારશાહીની ઉદાસીનતા સૂચવતી હતી કે વાસ્તવમાં લોકોને તેમના કાયદાકીય અધિકારોના હક મળ્યા નથી.

મે ૨૦૨૦ માં, કોવીડ૧૯ લોકડાઉનના શરૂઆતના દિવસો દરમિયાન, અમ્ફાન વાવાઝોડું પશ્ચિમ બંગાળના વિવિધ હિસ્સાઓમાંથી પસાર થયુ હતુ. અલીપુરદુઅર જીલ્લામાં, ખૂબ જ ભારે વરસાદ હોવા છતાં, કોઇ મોટા પાયાનું નુક્સાન નહોતુ થયુ. કુરમાઇ બસ્તીના સુંદર સિંઘ રવાએ જણાવ્યુ હતુ કે, *"ઘણા વર્ષો સુધી, સમુદાયોને તેમના જંગલોની સુરક્ષા અને સંરક્ષણ માટે અને તેમના સામુદાયિક વન અધિકારો માટે લડત હાથ ધરવા જાગૃત કરવામાં આવ્યા હતા. ભૂતકાળમાં, કોડાલ બસ્તીનું ગામ જંગલોને ચોરી અને લૂંટફાટથી બચાવવા માટે જાણીતુ છે. આ વર્ષે, સંજોગોવશાત્ વાવાઝોડું અને લોકડાઉન સાથે થયા હતા તેથી જંગલોમાં ખૂબ જ ઓછા લોકો હતા. વન વિભાગે જંગલમાં ઓછા લોકો હોવાની પરિસ્થિતિનો અને અન્ય જીલ્લાઓમાં વાવાઝોડાથી થયેલા નુક્સાનનો ફાયદો ઉઠાવ્યો અને ઘણા વૃક્ષો કાપી નાખ્યા જ્યારે હકીકતમાં, અમારા વિસ્તારમાં વરસાદને કારણે માત્ર ૧૦ જેટલા જ વૃક્ષો પડી ગયા હતા. કોડાલ બસ્તી ગામના લોકોએ વચ્ચે પડીને તેમને આમ કરતા અટકાવ્યા હતા. છેલ્લા થોડા વર્ષોથી સ્થાનિક પોલીસ પણ અમારી-સ્થાનિક વનવાસીઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વર્તાવ રાખે છે. જ્યારે અગાઉ તો પાલીસ પણ વિગતો જાણ્યા વિના જ વન વિભાગની તરફેણ કરતી હતી, પરંતુ સમય વિતવા સાથે, એ વાત તેમના ધ્યાનમાં આવી કે જ્યારે લોકોને પોલીસ સ્ટેશન લઇ જવામાં આવતા હતા ત્યારે વાસ્તવમાં વન વિભાગ ગરીબ લોકો જે તેમના વન્ય અધિકારોની રક્ષા કરતા હતા તેમની સાથે ખૂબ જ ક્રૂર વર્તાવ કરતો હતો."*

બુક્ષા ટાઇગર રીઝર્વમાં સ્થિત ગરોબસ્ટીનાપ ડોશી ગામમાં, વાન ટોંગ્યા સમુદાયના લાલ સિંઘ ભુજેલ જણાવે છે કે, *"લોકડાઉન દરમિયાન પણ અમે જંગલોમાં ગયા હતા. અમે જંગલોનો ઉપયોગ અમારા પશુઓને ચરાવવા અથવા ગૌણ વન્ય પેદાશ જેવી કે કાચુ (કોલોકેસીઆ અરાસીએ), ચાટુ (જંગલી ખાદ્ય મશરૂમ), નરીકેલી ફળ (બેર, ઝીઝીફસ મૌરીટેનીઆ), અને લાલી બીજ (અમૂરા વલ્લીચી કિંગ)ના એકત્રીકરણ માટે કરીએ છીએ. જંગલમાં થતા ઉત્પાદનો પોષણનો સ્ત્રોત છે અને ઘણા પરિવારો લોકડાઉનના સમયગાળા દરમિયાન અને એ સિવાય પણ તેના પર આધારિત હોય છે. અમે હવે અમારા ગામોમાં ખાદ્યાન્નની સલામતી હાંસલ કરવા અને આજીવિકાને વધારે મજબૂત બનાવવા સામૂહિક ખેતીની પ્રક્રિયા શરૂ કરવાનું આયોજન કરી રહ્યા છીએ. ઘણા બધા ગામોમાં સ્થળાંતરિત થયેલા શ્રમિકો ઘરે પરત ફર્યા છે અને ગામડામાં નોકરીઓની તંગી છે. અમે અમારી ગ્રામ સભાઓમાં સ્વ-શાસનની રચના કરીને તેમને નોકરીઓ પૂરી પાડવાના પ્રયત્નો કરી રહ્યા છીએ."*

# પીવીટીજી મહિલાઓ દ્વારા કોવીડ ૧૯ રાહત પધ્ધતિઓ



## વિષયો

**પીવીટીજી સમુદાયો, મહિલાઓના નેતૃત્વ અંતર્ગત પરિસ્થિતિઓનો સામનો કરવા માટેના વ્યવસ્થાતંત્ર, અભિયાનો અને સહાય જૂથો**





(ડા) વન તરફ જઇ રહેલી બૈગા મહિલાઓ; (જ) ગ્રામદુત કાર્યક્રમ અભિયાનની મીટિંગ અને બૈગા ગ્રામસભા

બૈગા ચક્કા, ગાઢ જંગલોનો એક વિસ્તાર, જ્યાં મુખ્યત્વે બૈગા લોકો રહે છે ખાસ કરીને વંચિત આદિવાસી જૂથ (વલ્નરેબલ ટ્રાઇબલ ગ્રુપ-પીવીટીજી). ઉમરીઆ અને ડીંડોરી જીલ્લામાં લગભગ ૭૦ જેટલા ગામો છે જે આ વન્ય પટ્ટાનો હિસ્સો છે. ૨૦૦૮ થી, ગ્રામદુત કાર્યક્રમ અને જંગલ અધ્યયન મંડલ નામના બે અભિયાન જે અધિકાર-આધારિત સજાગતા કેળવવા માટે કાર્યરત છે તેમના સહકારથી સમુદાયો વન્ય અધિકારોની માન્યતા મેળવવાની દિશામાં કામ કરી રહ્યા છે. અભિયાનના પ્રારંભિક વર્ષોમાં, વ્યક્તિગત વન્ય અધિકારોને માન્યતા પ્રાપ્ત થઇ હતી, ૨૦૧૭ થી આ અભિયાને સીએફઆરને કાયદાકીય માન્યતા અપાવવા અંગે ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. હાલમાં, ડીંડોરી તાલુકાની ૧૦ ગ્રામ સભાઓએ સીએફઆર દાવો કરવા માટે તેમના દસ્તાવેજો અને પુરાવા તૈયાર રાખ્યા છે. જ્યારે લોકડાઉનની જાહેરાત થઇ ત્યારે આ ગ્રામ સભાઓ સીએફઆરની પ્રક્રિયાને આગળ વધારવા માટે આ દસ્તાવેજો જમા કરાવવાની તૈયારીમાં જ હતી.

બલવંત રાહંગડાલે, આ બે અભિયાનના નેતા, જણાવે છે કે, *"મધ્ય પ્રદેશમાં, સીએફઆરની તરફેણમાં ખૂબ જ ઓછો સંસ્થાગત સહકાર છે, અને સમુદાયોને મુખ્યત્વે નિસ્તાર અધિકારો જ આપવામાં આવ્યા છે. આદિવાસીઓને લગતી બાબતોના વિભાગે દસ્તાવેજો પ્રદાન કરવા જોઇએ, ગ્રામ સભાઓનું સશક્તિકરણ કરવુ જોઇએ અને સામુદાયિક વન અધિકારોનો દાવો કરવાની પ્રક્રિયામાં મદદરૂપ થવુ જોઇએ. એનાથી વિપરિત, અમારે એવી પરિસ્થિતિ છે જ્યાં વન વિભાગ જ સુપ્રીમ સત્તા છે અને નિયમિતરૂપે ફક્ત વન અધિકાર અધિનિયમ જ નહીં પરંતુ બંધારણનું પણ હનન કરે છે. આ ઉપરાંત, ગ્રામ પંચાયતો સામાન્ય રીતે ગ્રામ સભાઓ કરતાં વધારે સત્તા ધરાવે છે.*

*આથી, ડીંડોરી જીલ્લામાં ખાસ કરીને બૈગા ચક્કાની રચના કરતા ૨૨ ગામોમાં, અમારા અભિયાન અંતર્ગત ગ્રામ દુત અથવા ગ્રામીણ સંદેશાવાહકનની એક ટીમ રચવાની કામગીરી શરૂ કરી જે સીએફઆર અંગે સજાગતા કેળવવાનું કામ કરે છે. જીલ્લાભરમાં ઘણા બધા સમુદાયો અને રાજ્ય પાસે પણ તેના વ્યક્તિગત અને નિસ્તાર વન્ય અધિકારોને માન્યતા પ્રાપ્ત થયેલી છે ત્યારે અમે ૧૦ ગ્રામ સભાઓ સાથે શરૂઆત કરીને સીએફઆરને માન્યતા અપાવવા અંગે કામ કરી રહ્યા છીએ. નિસ્તાર અધિકારો એટલે જાણે ભાડાની જગ્યા, જ્યારે સીએફઆર હોવુ એટલે પોતાની માલિકીની જગ્યા પર ખુશીથી રહેવુ! ”*

૨૦૦૯ થી, એક ચળવળ આગળ વધી રહી છે અને હાલમાં બૈગા ચક્કામાં ૨૪ જેટલા ગામો તેમના સામુદાયિક જંગલોનું સંરક્ષણ, પ્રબંધન અને સુરક્ષા કરી રહ્યા છે. સમુદાયો જંગલોને આગથી બચાવીને, દર વર્ષે ફેબ્રુઆરી-મે માં ફાયર લાઇન બનાવીને, ગ્રામસભાઓની પૂર્વ મંજૂરી વિના વૃક્ષ-છેદન પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાદીને, બહારી લોકોને ગ્રામ સભાઓના વનપ્રદેશમાં દબાણ કરતા અટકાવીને તેમજ ગૌણ વન્ય પેદાશો અને ઔષધીય છોડના એકત્રીકરણ માટે સમુદાયને સંગઠિત કરીને સીએફઆર પ્રવૃત્તિ હાથ ધરી રહ્યા છે.

બૈગા ચક્કામાં મોટાભાગના સમુદાયો બહારની દુનિયા સાથે બિલકુલ સંપર્ક ધરાવતા નથી, તેમની પાસે કોઇ બહારી માહિતી પણ નથી હોતી અને મોબાઇલ ફોન નેટવર્ક પણ નથી. જ્યારે લોકડાઉનની જાહેરાત થઇ ત્યારે લોકો ખૂબ જ મુંઝવણમાં હતા કારણ કે તેમને લોકડાઉન એટલે શું એ અંગે કોઇ જ સ્પષ્ટતા નહોતી. આ તરફ, સમુદાયના મોટાભાગના સભ્યો તેમની રોજબરોજની જરૂરિયાતો માટે દૈનિક ધોરણે જંગલો, શહેર અથવા બજારમાં જવા પર આધારિત હતા એટલે કોઇ પણ જાતની પૂર્વ સૂચના વિના જાહેર થયેલુ લોકડાઉન ખૂબ જ મુશ્કેલ હતુ. બૈગાના ગામોમાંથી એવા અહેવાલો આવતા હતા કે શહેરમાં પાલીસ ઓફિસરો દ્વારા ગ્રામજનોને માર મારવામાં આવતો હતો અને લોકડાઉનનો ભય વધતો જતો હતો.

માર્ચ ૨૪-એપ્રિલ ૨૯ દરમિયાન, બૈગા સમુદાય પાસે કોવીડ૧૯ લોકડાઉન અંગે ભાગ્યે જ કોઇ માહિતી પહોંચી હતી અથવા કોઇ સહકાર મળ્યો હતો. સ્વયંસેવી લોકોના અભિયાન, સ્વાસ્થ્ય કાર્યકરો અને પંચાયતે એપ્રિલ ૨૯ ના રોજ ડીંડોરીના જીલ્લા કલેક્ટરનો સંપર્ક કર્યો હતો અને માંગ કરી હતી કે તેમને જીલ્લામાં મદદની કામગીરી હાથ ધરવાની છૂટ આપવામાં આવે. તેમણે એ બાબતની ખાતરી કરી કે સમુદાયોને ત્રણ મહિના સુધી ચાલે એટલુ કરિયાણું મળી રહે તેમજ દૂર આવેલા છૂટાછવાયાં ગામો માટે રેડિયો અને અન્ય વ્યવસ્થા મૂકવામાં આવી કે જેથી તેમને સ્વાસ્થ્ય અને લોકડાઉનની અન્ય અસરો અંગે માહિતી પ્રદાન કરી શકાય. આ અભિયાન અંતર્ગત સમુદાયના પ્રશ્નો સીધા જ તેહસીલદાર અને જીલ્લા કલેક્ટર સુધી પહોંચે એ માટે પણ કામ કરવામાં આવ્યુ હતુ. ૧૫ મે બાદથી, સ્થળાંતરિત થયેલા શ્રમિકો ગામમાં પરત ફર્યા હોવાથી, અભિયાન અંતર્ગત એવી માંગ કરવામાં આવી હતી કે તેમને જીલ્લાના મુખ્યમથકમાં જ ક્વોરન્ટાઇન કરવામાં આવે. ગ્રામસભા સ્તરે, ઘણા બધા ગામોએ બેરીકેડ(અવરોધો) મૂક્યા હતા કારણ કે તેમને બીક હતી કે બહારના લોકો જંગલ મારફતે તેમના ગામમાં ન આવી જાય, કારણ કે તે છત્તીસગઢની સરહદને અડીને આવેલુ છે.

# પીવીટીજી મહિલાઓ દ્વારા કોવીડ ૧૯ રાહત પધ્ધતિઓ



મહિલાઓએ ગ્રામ સભાઓમાં મહત્વની ભૂમિકા ભજવી હતી, તેમણે સામાજીક અંતર જાળવીને કામ કરવાની પધ્ધતિઓ ગોઠવી હતી:

૧. મહિલાઓએ એ બાબતની પૂરી કાળજી લીધી હતી કે જ્યારે તેઓ પાણી ભરવા માટે ઝરણાં, હેન્ડ પંપ અને પાઈપલાઈન આગળ જાય ત્યારે ત્યાં ભીડ એકઠી ન થાય.

૨. મૃત્યુ, જન્મ અથવા લગ્ન જેવા પ્રસંગો દરમિયાન, મહિલાઓએ એ વાતની ચોકસાઇ રાખી હતી કે જરૂરી આધ્યાત્મિક પ્રસંગોમાં હાજરી આપતી વખતે અથવા મદદરૂપ થતી વખતે સામાજીક અંતર જળવાય.

૩. કરિયાણાની દુકાનોએ, મહિલાઓએ એવી વ્યવસ્થા કરી હતી કે દરેક વાંઢને ખરીદી કરવા માટે એક ચોક્કસ દિવસ અને સમય ફાળવવામાં આવ્યો હતો જેથી દુકાનોએ ભીડ ન થાય.

## વિષયો

**સ્થાનિક આદિવાસી સંસ્થાનો, સરકારની વિશ્વસનીયતા માટેની માંગ, સુરક્ષિત વિસ્તારોમાં વન અધિકારો**




(ડા) આમળા અને અન્ય ગૌણ વન પેદાશોનું એકત્રીકરણ; (જ) સોલીગા સમુદાયો લંતાના વેલાઓનો સામનો કરી રહ્યા છે, જે વન વિભાગ દ્વારા અગાઉના દાયકાઓમાં સાગના છોડની સાથે ઉગાડવામાં આવ્યા હતા.

સોલીગા સમુદાય, જે ટાઇગર રીઝર્વ ફોરેસ્ટ એરિયામાં સ્થિત બિલિગીરી રંગાસ્વામી મંદિર (બીઆરટી) ની અંદર અથવા આસપાસ રહે છે, તેઓ કુદરત સાથે સહજીવનનો સંબંધ ધરાવે છે. અહીં, ચમરાજનગર જીલ્લામાં, ૨૫ ગ્રામ સભાઓના સીએફઆરને ૨૦૧૧ માં માન્યતા પ્રાપ્ત થઇ હતી અને ત્યારબાદ બીઆરટી ટાઇગર રીઝર્વમાં બીજા ૧૦ ને માન્યતા પ્રાપ્ત થઇ હતી. હાલમાં, ૬૧ પોડુ અથવા વસાહતોમાંથી, ગ્રામ સભાઓનો ૪૨ પોડુના સીએફઆરને કાયદાકીય રીતે માન્યતા પ્રાપ્ત થઇ છે જ્યારે ૧૦ પોડુના દાવાઓ સબ ડીવીઝનલ સ્તરે છે અને ૯ પોડુ દાવાઓ ગ્રામ સભા સ્તરે છે.

કોરોનાવાઇરસ અને લોકડાઉનને કારણે બીઆરટી ટાઇગર રીઝર્વના સોલીગા સમુદાયના જૂના ભય ફરીથી તાજા થઇ ગયા છે કારણ કે આ પ્રકારની ‘મહામારી’ નો અનુભવ તેમના સમુદાયે ઘણા વર્ષો પહેલા કર્યો હતો. તેમ છતાં, આ વખતે લોકો કોવીડ૧૯ બીમારી અને તેની અસરો અંગે સજાગ નહોતા, આથી સ્થાનિક સંસ્થાઓ દ્વારા સજાગતા સત્રો હાથ ધરવામાં આવ્યા હતા. સ્થનિક સંઘો, *જીલ્લા બુડાકટ્ટુ ગિરિજન અભિવૃધ્ધિ સંઘ અને તાલુક સોલીગા અભિવૃધ્ધિ સંઘ* અથવા પીપલ્સ ફોરમે ગ્રામ સભાઓ સાથે મળીને લોકડાઉન દરમિયાન આ પરિસ્થિતિનો સામનો કરવા અંગે કામગીરી હાથ ધરી હતી.

લોકડાઉન પહેલા, લગભગ ૨૯૦ સોલીગા શ્રમિકોએ બીઆરટી ટાઇગર રીઝર્વની અંદર અથવા કોફી એસ્ટેટમાં કામ કરવા માટે કોડાગુ અને હાસન જીલ્લાઓ સુધી સ્થળાંતર કર્યુ હતુ અને કેટલાક પરિવારો સ્થળાંતરણ કરીને તમિલનાડુ અને કેરાલા રાજ્ય સુધી ગયા હતા. આ સ્થળાંતર કરનારા શ્રમિકો માટે, લોકડાઉન અચાનક આવી પડેલા આઘાતના સમાચાર હતા અને જ્યારે કોફી એસ્ટેટના માલિકોએ કોફી એસ્ટેટનું કામ અટકાવી દીધુ ત્યારે તેમને ખાદ્યપદાર્થોની તંગીનો સામનો કરવો પડયો હતો. ફરી એકવાર, સોલીગા સમુદાયના લોકોએ સંઘના આગેવાનોના સંપર્ક કર્યો કારણ કે તેમણે એવી માંગ કરી હતી કે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ખાદ્યપદાર્થો પૂરા પાડવામાં આવે. એ બાબતની નોંધ લેવી

# આદિવાસી સહકારી સંસ્થાઓ અને એજન્સીઓ



જરૂરી છે કે ઘણા બધા પરિવારો રોજગારીની શોધમાં વર્ષના ચાર થી પાંચ મહિના અન્ય જીલ્લાઓમાં અથવા રાજ્યોમાં સ્થળાંતરણ કરતા હોય છે. સામુદાયિક વન અધિકારોને કાયદાકીય રીતે માન્યતા મળ્યા બાદ, ઘણા બધા પરિવારોએ સ્થળાંતર કરવાનું બંધ કરી દીધુ હતુ અને એનટીએફપીના એકત્રીકરણમાં સક્રિય રીતે સામેલ થઇ ગયા હતા.

લોકડાઉન એ સોલીગા પરિવારો માટે અચાનક આવેલા આઘાત જેવુ પુરવાર થયુ કારણ કે તેમને લાંબા સમય સુધી ખાદ્યપદાર્થોને સંગ્રહ કરવાની આદત નહોતી. સોલીગા પરિવારો એનટીએફપીના એકત્રીકરણ, કંદમૂળ, ફળો અને લીલા પાંદડા વીણવા દરરોજ જંગલમાં જાય છે અને એમાંથી થતી આવકમાંથી રોજે રોજ ખાદ્યપદાર્થો ખરીદે છે. સંઘના આદિવાસી નેતાઓએ પોષણયુક્ત ખાદ્યપદાર્થો અને વિનામૂલ્યે ચોખાનુ વિતરણ કરવા માટેની માંગ કરવા જીલ્લા કમિશ્નર અને જીવ્લા આદિવાસી કલ્યાણ અધિકારીનો સંપર્ક કર્યો હતો. જે સમુદાયોએ લોકડાઉનના પ્રારંભિક તબક્કામાં કંદમૂળ અને લીલા પાંદડાની લણણી કરી હતી તેમના માટે તેણે ખાદ્યપદાર્થોની સલામતી તરીકે કામ કર્યુ હતુ.

આજીવિકાનો એક મહત્વનો સ્ત્રોત મધ પાડવાનો છે. લોકડાઉનનો અનલોક તબક્કો, એપ્રિલ થી જુલાઇ, સંજોગોવશાત્ મધની સીઝન ગણાય છે જ્યારે સમુદાયો જંગલમાંથી મધ એકઠુ કરે છે અને તેને લાર્જ સ્કેલ આદિવાસી મલ્ટીપર્પઝ કોઓપરેટિવ સોસાયટીઓ (એલએએમપીએસ) ને વેચી દે છે. આ વર્ષે લોકડાઉન દરમિયાન, મધ એકઠુ કરનાર દરેકને પ્રતિ કિલોગ્રામ મધ માટે રૂા. ૧૮૫ મળ્યા હતા, જ્યારે એજન્ટો દ્વારા તે મધ પ્રતિ કિલોગ્રામ રૂા. ૨૦૦ ના ભાવે વેચવામાં આવ્યુ હતુ.

બીઆરટી ટાઇગર રીઝર્વના બાંગલે પોડુના કેથેગૌડાએ જણાવ્યુ હતુ કે: *"સોલીગા સમુદાયો લગભગ ૨૮ પ્રકારની વન્ય પેદાશો (મધ, લીકેન, આમળા, સોપ નટ) અને અમારી અડધાથી વધારે આવક વન્ય પેદાશોમાંથી થાય છે. મારા સમુદાયના લોકો અને હું અમારા વપરાશ માટે કંદમૂળ, ફળો અને લીલા પાંદડા એકત્રિત કરવા માટે જંગલમાં ગયા હતા અને મધ પણ એકત્રિત કર્યુ હતુ જે અમે એલએએમપીએસને વેચી દીધુ હતુ. આ એલએએમપીએસ સોસાયટીઓની શરૂઆત કેટલાક દાયકાઓ પૂર્વે સરકાર દ્વારા કરવામાં આવી હતી અને હવે તેનું પ્રબંધન આદિવાસી સંઘો દ્વારા કરવામાં આવે છે, તે અમને મળતી મદદનો એક મહત્વનો સ્રોત છે. એલએએમપીએસ સોસાયટીઓએ અમને અમારુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે મદદ કરી હતી અને સમગ્ર લોકડાઉનના સમયગાળા દરમિયાન આવક પ્રદાન કરી હતી."*



સોલીગા સમુદાયોએ લોકડાઉન દરમિયાન મધ પાડવાની કામગીરી કરી હતી

1 નર્મદા ગુજરાત
2 ગોંડીઆ મહારાષ્ટ્ર
3 રાજનંદગાંવ છત્તીસગઢ
4 ધુલે મહારાષ્ટ્ર
5 કચ્છ ગુજરાત

# વન સંરક્ષણ અને આહારનું વૈવિધ્ય

6 નંદુરબાર મહારાષ્ટ્ર
7 અલીપુરદુઆર પશ્ચિમ બંગાળ
8 ડીંડોરી મધ્ય પ્રદેશ
9 છમરાજનગર કર્ણાટકા
10 નયાગઢ ઓડિશા

## વિષયો

**વનોની સુરક્ષા, સામુદાયિક સંરક્ષણ અને નવજીવન, વન પેદાશનું વૈવિધ્ય, પોષણ**





(ડા) નાથાપુરની ફરતે આવેલા ગાઢ જંગલો; (જ) નાથાપુર ગામનું ચિત્ર

નયાગઢ જીલ્લાના નાથાપુર ગામનો કોંધ આદિવાસી સમુદાય ઘણા દાયકાઓથી ટાંગી રેન્જ ફોરેસ્ટની સુરક્ષા કરી રહ્યો છે. વાસ્તવમાં, રાણપુર તાલુકામાં, મહિલાઓમાં જંગલોનું સંરક્ષણ કરવાની એક ખૂબ જ જૂની - લગભગ ૪૦ વર્ષ જેટલી જૂની પરંપરા છે. તેમ છતાં, તેમના સીએફઆર અધિકારોને કાયદાકીય રીતે માન્યતા પ્રાપ્ત થઇ નથી. ઘણા બધા લોકોમાં હવામાન પર તોળાઇ રહેલા સંકટ અંગે સભાનતા આવી એ પહેલા, નાથાપુર ગામના લોકોને જંગલોનું મહત્વ અને જંગલો તેમના જીવનમાં કેટલી મહત્વની ભૂમિકા ભજવે છે તે શરૂઆતથી જ સમજાઇ ગયુ હતુ.

સમુદાયે ૧૯૯૩ માં જંગલોને બચાવવાની કામગીરી શરૂ કરી હતી જ્યારે સ્થાનિક ટીમ્બર (લાકડુ) માફિયાઓએ જંગલનું ગ્રીન આવરણ સાફ કરી નાખ્યુ હતુ અને ગામના જંગલને તદ્દન ઉજ્જડ બનાવી દીધુ હતુ. ત્યારબાદ, ૨૦૦૪-૦૫ માં, વન વિભાગે નાથાપુર અને કરાડાપલ્લી ગામના સામુદાયિક વન સંસાધન વિસ્તારોમાં સ્થાનિક ન હોય એવા છોડ અને વાંસના ઝાડ ઉગાડવાનું આયોજન કર્યુ હતુ. વન વિભાગે આ માટે ગામલોકોની સંમતિ લીધી નહોતી, અને આ કારણે લોકોની તેમના તરફની શંકામાં વધારો થયો. ગામલોકોએ એમ કહીને આ આયોજનનો વિરોધ કર્યો હતો કે ત્યાં ઘણા બધા વાંસના ઝાડ પહેલેથી જ છેઃ સલીઆ (*ડેન્ડ્રોકેલામસ સ્ટ્રીક્ટસ*) અને કાંટા (*બામ્બુસા બામ્બોસ*) બંને તેમના ગામમાં ઉગે છે.

આ ઉપરાંત, ગામલોકોએ મદદરૂપ ન થઇ શકે એવી માનવીય દખલગીરીના કોઇ પણ સ્વરૂપનો વિરોધ કર્યો હતો, અને તેમની પરંપરાગત શૈલી ઠેંગાપલ્લી દ્વારા અથવા જંગલમાં પેટ્રોલિંગ કરીને વારાફરતી જંગલની રક્ષા કરી હતી. તેમને કુદરતને નવજીવન બક્ષવાની પણ છૂટ આપવામાં આવી હતીઃ પક્ષીઓ, જીવાતો અને ઠળિયાઓએ જંગલમાં બીજ

# વન સંરક્ષણ અને આહારનું વૈવિધ્ય



વિખેરવાર તરીકે કામ કર્યુ હતુ, પવન અને પાણી પણ ઉજ્જડ જમીનમાં બિયારણ લઇ જવામાં નિમિત્ત બન્યા હતા. ધીરે ધીરે સ્થાનિક વૃક્ષો અને તેમની સાથે સંલગ્ન એવી પ્રજાતિઓના મૂળ જમીન સાથે જોડાવવા લાગ્યા અને એક લીલુંછમ જંગલ રચાયુ. નાથાપુર ગામ આસપાસ આવેલુ જંગલ એ વાતનું સચોટ ઉદાહરણ છે કે જો તમે જંગલોને તેમની રીતે વિકસવા માટે છોડી દો તો તેમને તેમની પૂર્વસ્થિતિમાં પાછા લાવીને પુનઃજીવંત કરવા શક્ય છે. જીલ્લામાં, ૨૪ સીએફઆર દાવાઓ વર્ષ ૨૦૧૩ થી અનિર્ણિત છે, જો કે નાથાપર ગામ એ ઘણી બધી ગ્રામસભાઓમાંથી એક છે જે જંગલોનું પ્રબંધન અને સંરક્ષણ કરવાના તેમના અધિકારો ભોગવે છે.

કોવીડ૧૯ મહામારી દરમિયાન, નાથાપુર ગામના રહેવાસીઓએ લોકડાઉન સમયગાળા દરમિયાન અન્ન, પોષણ અને આજીવિકાની સલામતી સ્થાપીને એક ઉદાહરણ પૂરું પાડયુ છે. પરંપરાગત ટેવ પ્રમાણે, ગામલોકો તેમના આહારમાં પૂરક પદાર્થો તરીકે સંખ્યાબંધ વન્ય છોડ પર આધાર રાખે છે. તેઓ ઘણા બધા કંદમૂળ, મૂળ, પાંદડાવાળા શાક, ફૂલ અને ફળ નિયમિત ખાદ્ય પદાર્થ તરીકે વીણે છે અને એકઠા કરે છે તેમજ અનાજની તંગી હોય ત્યારે તેનો વપરાશ પણ કરે છે. આ પદાર્થોને કાચા, બાફીને, શેકીને, તળીને અથવા વેજીટેબલ કરી તરીકે રાંધીને કઠોળ અથવા ચોખાના લોટ સાથે દિવસના ભોજન દરમિયાન અથવા અનાજની તંગી હોય એવા કોઇ પણ સમયે વપરાશમાં લેવામાં આવે છે.





(ડા) તૈયાર કરવામાં આવેલ સિયાલી લીફ પ્લેટનું પ્રદર્શન; (જ) સિયાલી લીફ પ્લેટ બનાવતી મહિલાઓ

# વન સંરક્ષણ અને આહારનું વૈવિધ્ય



સચલા પ્રધાન, નાથાપુર ગામની એક ઉંમરલાયક મહિલાએ જણાવ્યુ હતું કે, *''અમે લોકડાઉનના સમયગાળા દરમિયાન અમારા સામુદાયિક વન સંસાધન વિસ્તારોમાંથી પ્રાપ્ત કંદમૂળ, ફળો, પાંદડાવાળા શાકભાજી, મશરૂમ અને માછલીનો ઉપયોગ કર્યો હતો. ફક્ત અમે વનમાં વસતા લોકો જ જંગલોના લાભ મેળવીએ છીએ એવુ નથી, પરંતુ નજીકમાં આવેલા ૫૦ થી વધારે ગામોના વણકર સમુદાયો પણ તેમની આજીવિકા માટે વાંસ અને આપણા જંગલોમાંથી પ્રાપ્ત થતી અન્ય ગૌણ વન્ય પેદાશો પર આધારિત છે. અમે કદાચ અમારી મહેનતું ફળ ભોગવવા જીવતા નહી હોઇએ પણ અમારી ભાવિ પેઢી અમે તેમના માટે જે કામ કર્યુ છે એ બદલ અમને ચોક્કસ યાદ કરશે.''*

પ્રમીલા પ્રધાને આમાં ઉમેરો કરતા કહ્યું હતુ કે *''તેંદુના પાન, સીયાલીના પાન અને અન્ય વાણિજ્યિક ગૌણ વન્ય પેદાશોમાંથી અમારામાંના ઘણા બધા આજીવિકા મેળવે છે અને આ મહામારીની પરિસ્થિતિ દરમિયાન તેણે સામાજીક સલામતીની જાળી તરીકેની ભૂમિકા ભજવી છે. આપણા જંગલો પશુધન અને પાલતુ પ્રાણીઓ માટે પણ ખૂબ જ મહત્વના છે કારણ કે તે ઘાસચારાની સલામતી પણ પ્રદાન કરે છે. ''*

સ્વાસ્થ્ય પર સંકટના આ સમયમાં નાથાપુર ગામના લોકો વૈવિધ્યસભર આહારથી ભરપૂર થાળી જમી રહ્યા હતા. જંગલના વિવિધ છોડમાં વધારે પ્રમાણમાં અને સૂક્ષ્મ પોષકતત્વો હોય છે જેમાં કુપોષણ, પોષણની તંગી અને સંબંધિત બિમારીઓને દૂર કરવાની ઘણી વધારે સંભાવનાઓ રહેલી હોય છે. આ પુરાવો પરિસ્થિતિગત્ હોવા છતાં, તે વાજબી અને આકર્ષિત કરે એવી હકીકત છે કે છોડના જીવવૈવિધ્યમાં થતો વધારો વધુ વિવિધતાસભર આહાર તરફ લઇ જાય છે જેના લીધે સમુદાયની સ્વાસ્થ્ય પરિસ્થિતિમાં સુધારો થાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| 1 નર્મદા **ગુજરાત** | 2 ગોંડીઆ **મહારાષ્ટ્ર** | 3 રાજનંદગાંવ **છત્તીસગઢ** | 4 ધુલે **મહારાષ્ટ્ર** | 5 કચ્છ **ગુજરાત** |
| 6 નંદુરબાર **મહારાષ્ટ્ર** | 7 અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ** | 8 ડીંડોરી **મધ્ય પ્રદેશ** | 9 છમરાજનગર **કર્ણાટકા** | 10 નયાગઢ **ઓડિશા** |

# ચાવીરૂપ બોધપાઠ

આ દસ્તાવેજમાં કેસ સ્ટડી દ્વારા દર્શાવ્યા મુજબ, **એફઆરએ હેઠળ સામુદાયિક જંગલોનો વપરાશ અને પ્રબંધન કરવાના વન અધિકારોને માન્યતા પ્રાપ્ત થવાને કારણે ઘણા બધા આદિવાસી અને ઓટીએફડી સમુદાયો માટે કોવીડ મહામારી અને લોકડાઉનને કારણે સર્જાયેલી પરિસ્થિતિનો સામનો કરવાનું શક્ય બન્યુ છે.** આ વાર્તાઓ પરથી, ચાવીરૂપ બોધપાઠનો એક સેટ તૈયાર થયો છે, જે આવા અન્ય ઘણા બધા કેસો કે જેનું અહીં દસ્તાવેજીકરણ થઇ શક્યુ નથી તેની સાક્ષી પુરે છેઃ

૧. **સ્થાનિક કાર્યકરો સ્થાનિક પ્રશ્નોને સમજી શકે છે અને તેમને સશક્ત કરવામાં આવે ત્યારે તે વધારે ઝડપથી કામ કરી શકે છેઃ** એક અગત્યનો બોધપાઠ એ છે કે સ્થાનિક લોકો અને સંસ્થાઓને જ્યારે સ્થાનિક વહીવટી તંત્રો સાથે સરખાવવામાં આવ્યા ત્યારે એક બાબત સ્પષ્ટ થઇ કે તેઓ કોઇ ચોક્કસ સંદર્ભની તત્કાલીન અને લાંબાગાળાની જટિલતાઓને વધારે સારી રીતે સમજી શકે છે. આમ, જ્યારે એફઆરએ દ્વારા તેમના અધિકારોની માન્યતા અંગે સશક્ત કરવામાં આવ્યા ત્યારે, તેઓ જે તે પરિસ્થિતિના સંદર્ભમાં યોગ્ય ઉકેલો સૂચવી શક્યા અને પરિસ્થિતિને સંબોધવામાં તેઓ વહીવટીતંત્ર કરતા વધારે ઝડપથી કામ કરી શકવા પણ સક્ષમ છે.

૨. **નિશ્ચિત કાર્યકાળ અને સશક્ત ગ્રામ સભાઓ બહારી સ્થળાંતરની તકલીફ ઓછી કરવામાં મદદરૂપ થઇ શકે છેઃ** નિશ્ચિત કાર્યકાળ, વ્યક્તિગત અને સામૂહિક અધિકારોને માન્યતા અને અસરકારક પ્રબંધન માટે આદિવાસી અને ઓટીએફડીને સહાય, તેમના રૂઢિગત જંગલોનું પુનઃસ્થાપન અને સંરક્ષણ દ્વારા સંસાધનના મજબૂત પાયા અને આજીવિકાના વિવિધ સ્ત્રોતોની ઉપલબ્ધતાની પણ ખાતરી મેળવી શકાઇ હોત અને તેના લીધે બહારી સ્થળાંતરની તકલીફ ઓછી થઇ શકી હોત. સીએફઆર અધિકારોને માન્યતા અને ગ્રામ સભાઓમાં સ્થાનિક સ્વાયત્તાને કારણે બહારી સ્થળાંતરમાં ઘટાડો થયો હતો, અને ગામમાં જ પૂરતા પ્રમાણમાં આજીવિકાના વિવિધ વિકલ્પોનું સર્જન થયુ હતુ. આમાંથી એક મહત્વની બાબત એ શીખવા મળી કે સ્થળાંતરિત થતા શ્રમિકોનું જીવન ખૂબ જ વંચિત હોય છે અને આર્થિક સધ્ધરતાનો પણ અભાવ હોય છે.

૩. **સ્થાનિક લોકોના લાંબા ગાળાના સંરક્ષણ પ્રયાસોના પરિણામ સ્વરૂપે સ્વસ્થ અને વૈવિધ્યસભર પર્યાવરણીય સૃષ્ટિ (ઇકોસીસ્ટમ) સર્જાય છે જે સમુદાયોને વધારે અનુરૂપ થવામાં મદદરૂપ થાય છેઃ** સ્વસ્થ અને વૈવિધ્યસભર ઇકોસીસ્ટમ જેનું યોગ્ય રીતે પ્રબંધન, પુનઃસ્થાપન અને સંરક્ષણ કરવામાં આવ્યુ હોય, તે સ્થાનિક સમુદાયોની જરૂરિયાતો પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને મહામારી જેવા મુશ્કેલ સમય દરમિયાન તો વધારે મહત્વપૂર્ણ પુરવાર થાય છે. સંરક્ષણ પ્રયાસો તેમજ તેમના સીએફઆર અધિકારોને માન્યતા એ હકીકતનો સુભગ સમન્વય થવાને કારણે લોકડાઉન દરમિયાન ગામલોકોને ખાદ્યપદાર્થો અને અન્ય જરૂરિયાતો માટે જંગલનો ઉપયોગ કરવામાં મદદ મળી હતી.

૪. **સ્થિતિસ્થાપકતા સર્જવામાં વન વિભાગની વનીકરણ યોજનાઓ કરતાં સ્થાનિક જ્ઞાન પર આધારિત ઇકોસીસ્ટમના સંરક્ષણ અને પુનઃસ્થાપનની વ્યૂહરચનાઓ અને આયોજનો વધારે અસરકારક હોય છેઃ** કચ્છ-ગુજરાતના બન્ની ઘાસિયા મેદાનોમાં સીએફઆરએમસીના નેતૃત્વ હેઠળ અમલી કરવામાં આવેલ જંગલોના પુનઃસ્થાપન અને પ્રબંધન આયોજનોને કારણે આ પશુપાલકો અને તેમના પશુઓ માટે ઉનાળાના મુશ્કેલ મહિનાઓ દરમિયાન જ્યારે લોકડાઉનને કારણે બહાર જવા પર પ્રતિબંધ હતો ત્યારે પણ જળ અને જીવનનિર્વાહ ઉપલબ્ધ થયા હતા. આ આયોજનો સ્થાનિક માલધારીઓના આ અદ્‌ભુત લેન્ડસ્કેપમાં આવેલા જળ, માટી, વન અને વન્યસૃષ્ટિના જ્ઞાનના આધારે તૈયાર કરવામાં આવ્યા હતા.

| | | | | |
|---|---|---|---|---|
| 1 નર્મદા **ગુજરાત** | 2 ગોંડીઆ **મહારાષ્ટ્ર** | 3 રાજનંદગાંવ **છત્તીસગઢ** | 4 ધુલે **મહારાષ્ટ્ર** | 5 કચ્છ **ગુજરાત** |

# ચાવીરૂપ બોધપાઠ

| | | | | |
|---|---|---|---|---|
| 6 નંદુરબાર **મહારાષ્ટ્ર** | 7 અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ** | 8 ડીંડોરી **મધ્ય પ્રદેશ** | 9 છમરાજનગર **કર્ણાટકા** | 10 નયાગઢ **ઓડિશા** |

૫. **જ્યારે તમે મજબૂત પરિસ્થિતિમાં હોવ અને તમારી પાસે સંસાધનો હોય, ત્યારે સ્થાનિક સંસ્થાનો સ્થાનિક જરૂરિયાતોમાં રોકાણ કરે છેઃ** સામુદાયિક અધિકારો અને જંગલો પર માલિકીઅધિકારનો, જંગલોનું પ્રબંધન અને ઉપયોગ કરવાની ગ્રામ સભાઓની સત્તા સાથે સમન્વય, આદિવાસી સમુદાયોને તેમને આજીવિકા અને આહારની સલામતી પૂરી પાડે એવી પ્રવૃત્તિઓમાં રોકાણ કરવાની અને સામાજીક કલ્યાણ કાર્યક્રમો જેવા કે શિક્ષણ, આરોગ્ય વગેરેમાં રોકાણ કરવાની છૂટ આપે છે. અધિકારોને આ રીતે માન્યતા પ્રાપ્ત થવાથી ગ્રામ સભાઓને મહામારી જેવી સંકટની પરિસ્થિતિઓનો સામનો કરવા માટે અનુકૂલન સાધે એવી રીતો અને નવતર પહેલો કરવામાં પણ મદદ મળે છે.

૬. **વન્ય પેદાશો પરના માલિકી અધિકારોને કારણે લોકડાઉન દરમિયાન પણ વધારે સારી અને સમયસર આજીવિકાની તકો ઉપલબ્ધ થઇ હતીઃ** ગૌણ વન્ય પેદાશો (જેવી કે મહુઆ, વાંસ, તેંદુના પાન) પરના અધિકારોને કારણે ઘરદીઠ આવકમાં વધારો થયો હતો અને ગ્રામસભાના ફંડમાં પણ યોગદાન આપી શકાયુ હતુ આથી સ્થાયી અર્થતંત્ર અને સ્થિતિસ્થાપકતાનું સર્જન થયુ હતુ જેણે આદિવાસીઓ અને ઓટીએફડીને ખૂબ જ જરૂરી એવી નાણાકીય સહાય પ્રદાન કરી હતી.

૭. **જ્યારે સ્થાનિક સંસ્થાનો પાસે સંસાધનો અને સત્તા હોય ત્યારે તે સમાજના સૌથી વંચિત વર્ગને મદદ કરી શકે છેઃ** કેસ સ્ટડી એવા ઘણા બધા મહત્વપૂર્ણ ઉદાહરણો દર્શાવે છે કે જેમાં ગ્રામ સભાઓએ સામુદાયિક જંગલોમાંથી પ્રાપ્ત સહિયારા સંસાધનો દ્વારા વનમાં વસતા સ્થાનિક સમુદાયોમાંથી સૌથી વંચિત લોકો જેવા કે મહિલાઓ અને બાળકો, જમીનવિહોણા પરિવારો, માલધારીઓ ખાસ કરીને વંચિત આદિવાસી જૂથો (પીવીટીજી)ને કેવી રીતે મદદ કરી હતી.

૮. **જીવવૈવિધ્ય અને કૃષિવૈવિધ્યની સુરક્ષા અને સાચવણી માટે લાંબા ગાળાની વ્યૂહરચનાઓ ઘડવાથી સમુદાયોને સંકટની સ્થિતિમાં અનુકૂલન સાધવામાં મદદ મળે છેઃ** કોવીડ ૧૯ મહામારી દરમિયાન શીખવા મળેલ એક અન્ય મહત્વનો બોધપાઠ એ હતો કે સ્થાનિક કાર્યતંત્રનું સર્જન કરવા માટે નવતર પધ્ધતિઓ જેવી કે સ્થાનિક શાકભાજીના પ્રચાર અને બીજ ઉત્સવ દ્વારા જીવવૈવિધ્ય અને કૃષિ વૈવિધ્ય (બીજ)ની સુરક્ષા અને સાચવણી માટે સામુદાયિક વ્યૂહરચના ઘડવી ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તે સ્થાયી અને હવામાન સાથે અનુકૂલન સાધી શકે એવી અને મહામારી જેવી સંકટની પરિસ્થિતિનો સામનો કરી શકે એવી હોય છે.

૯. **એફઆરએ અને મનરેગાને કેન્દ્રવર્તી બનાવવી અને એફઆરએ અને સીએફઆર જમીન દ્વારા રોજગારી ઉભી કરવાના પ્રયાસોને વધારે વ્યાપક બનાવવા એ આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવા માટેની અસરકારક વ્યૂહરચના બની શકે છેઃ** કોવીડ સંકટ દરમિયાન નોકરી ગુમાવવી એ સ્થળાંતર કરનાર શ્રમિકો અને સ્થાનિક સમુદાયો માટે સૌથી મોટી સમસ્યા તરીકે ઉભરી આવી છે. જમીન અને સામુદાયિક અધિકારોની ઉપલબ્ધિનને કારણે ગ્રામસભાઓ માટે સમુદાયના સભ્યો તેમજ સ્થળાંતર કરનારા શ્રમિકો માટે રોજગારી ઉભી કરવાનું શક્ય બન્યુ હતુ, તેમજ સાથે મળીને કામ કરવાની પરંપરાગત પધ્ધતિ પણ પુનઃજીવિત થઇ હતી/સંકટ દરમિયાન કેટલીક જગ્યાઓએ તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

| | | | | |
|---|---|---|---|---|
| **1** નર્મદા **ગુજરાત** | **2** ગોંડીઆ **મહારાષ્ટ્ર** | **3** રાજનંદગાંવ **છત્તીસગઢ** | **4** ધુલે **મહારાષ્ટ્ર** | **5** કચ્છ **ગુજરાત** |
| **6** નંદુરબાર **મહારાષ્ટ્ર** | **7** અલીપુરદુઆર **પશ્ચિમ બંગાળ** | **8** ડીંડોરી **મધ્ય પ્રદેશ** | **9** છમરાજનગર **કર્ણાટકા** | **10** નયાગઢ **ઓડિશા** |

# ઉપસંહાર

**ભારતમાં જંગલો અને અન્ય ઇકોસીસ્ટમ પર નિર્ભર હોય એવા સમુદાયોના મોટા હિસ્સાને આજે પણ જંગલો અને અન્ય ઇકોસીસ્ટમની ઉપલબ્ધિ અને સુરક્ષિત અધિકારો મળ્યા નથી**, અને આથી તેમને સામાજીક, રાજકીય, આર્થિક અને પર્યાવરણીય તકલીફોનો સામનો કરવો પડે છે, પરિણામે પહેલેથી જ વંચિત પરિસ્થિતિમાં જીવતા લોકો માટે કોવીડ ૧૯ મહામારી જેવા સંકટના સમયમાં પરિસ્થિતિ વધારે વિકટ બને છે. ભારતમાં (પાંચ ઉત્તર-પૂર્વીય રાજ્યો અને જમ્મુ-કાશ્મીરને બાદ કરતા) સામુદાયિક વન સંસાધન(સીએફઆર)અધિકારોને માન્યતા મળી શકે એવો અંદાજીત ખુલ્લો સંભવિત વિસ્તાર લગભગ ૮૫.૬ મિલિયન એકર (૩૪.૬ મિલિયન હેક્ટર) છે. ૧,૭૦,૦૦૦ થી વધારે ગામોમાં થઇને લગભગ ૨૦૦ મિલિયનથી વધારે શીડયુલ ટ્રાઇબ્સ અને અન્ય ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (ઓટીએફડી) ના અધિકારોને એફઆરએ હેઠળ માન્યતા પ્રાપ્ત થવાની શક્યતા છે. જો કે, ૨૦૧૬ સુધીમાં ફક્ત ૩ ટકા વિસ્તારમાં સીએફઆર અધિકારો મેળવી શકાયા હતા.

આની સાથે સાથે, ખોટી કલ્પનાશીલતા અને વિકાસની સંપૂર્ણ બાદબાકી હોય એવી નીતિઓ તેમજ જંગલ, વન્યસૃષ્ટિ અને જીવવૈવિધ્ય સંરક્ષણ કાયદા અને નીતિઓ દ્વારા **કુદરતી નિવાસસ્થાનોમાં મોટા પાયે કરવામાં આવતી ઘુસણખોરીને કારણે કુદરતી ઇકોસીસ્ટમ ગંભીર અધઃપતનનો સામનો કરી રહી છે અને ઘણી બધી વન્ય પ્રજાતિઓ જોખમમાં છે.** હવામાનમાં થતા બદલાવની અસરોને કારણે પરિસ્થિતિ વધારે વણસી રહી છે. ઉપરના ચાવીરૂપ બોધપાઠને ધ્યાનમાં રાખીને, કેટલાંક ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના પગલાં લેવા જરૂરી છે જે સ્થાનિક સ્વશાસનમાં અને સશક્તિકરણ પ્રક્રિયામાં મદદરૂપ થઇ શકે તેમજ એ બાબતી કાળજી રાખે કે આવી પ્રક્રિયાઓ દ્વારા તેઓ તેમનો વ્યાપ એટલો વધારી શકે કે જ્યાં સુધી તેઓ હજુ પહોંચી શક્યા નથી.

આ હાંસલ કરવા માટે લેવા જોઇતા કેટલા તત્કાલીન પગલાં આ મુજબ છેઃ

**સ્થાનિક સ્વશાસન સંસ્થાનો સંપૂર્ણ સશક્ત બને એ સુનિશ્ચિત કરવા એફઆરએ અને પીઇએસએ જેવા કાયદાઓના અમલીકરણ માટે વ્યાપક અભિયાન હાથ ધરવું.** એ પણ સ્પષ્ટ કરવુ કે ગ્રામ સભાઓ, વિસ્તાર/વોર્ડ સભા, અને અન્ય સંબંધિત સ્થાનિક સંસ્થાનો, તેમના જીવન અને સંસાધનોને અસર કરતા તમામ નિર્ણયો લેવામાં સહભાગી હોય. **એ બાબતની પણ ખાતરી કરવી કે નિર્ણય લેવામાં મહત્વની ભૂમિકા ભજવતા સ્થાનિક સંસ્થાનોમાં અન્ય લોકોની સાથે સાથે સમાજના વંચિત વર્ગ જેવા કે મહિલાઓ, જમીનવિહોણા લોકો, દલિતો, માલધારી સમુદાયો અને આદિવાસીઓની પણ સહભાગિતા ફરજીયાત હોય.**

જંગલો અને અન્ય ઇકોસીસ્ટમમાં કોઇ ફેરફાર કરતા પહેલાં, સંલગ્ન સ્થાનિક ગ્રામ સભાઓ અને અન્ય સંસ્થાનોના નિર્ણય લેનાર સત્તામંડળનું ફરજીયાત કાયદાકીય રીતે પાલન થાય એની ખાતરી કરવી, જે અંતર્ગત એફઆરએ અને પીઇએસએમાં સૂચવેલ શબ્દો અને ભાવ બંનેને ધ્યાનમાં રાખીને તેમની પૂર્વ મંજૂરી લેવામાં આવી હોય. (તેમનો પ્રભાવ ઓછો કરવાના પ્રયાસો કરવાની જગ્યાએ). એ બાબત સુનિશ્ચિત કરવી કે નિર્ણય લેવાની અને મંજૂરી લેવાની

# ઉપસંહાર



પ્રક્રિયાઓમાં વંચિત વર્ગો જેવા કે મહિલાઓ, જમીનવિહોણા લોકો, દલિતો, માલધારી સમુદાયો અને આદિવાસીઓના અવાજને બીજા લોકોની જેમ જ અર્થસભર રીતે સાંભળવામાં અને સમાવવામાં આવ્યો છે તેની ખાતરી કરવા વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવે.

એ બાબતની ખાતરી કરવી કે સંસ્થાનોને કોઇ પણ જાતની અમલદારશાહી દખલગીરી વગર અને સોશિયલ ઓડીટીંગ પ્રક્રિયા દ્વારા ક્ષમતાવર્ધન અને નાણાકીય સંસાધનો સહિત તમામ સંસાધનો ઉભા કરવામાં, આયોજનમાં સ્વતંત્રતા (સ્થાનિક અને પંરપરાગત જ્ઞાન સહિત જ્ઞાનના તમામ સ્વરૂપોનો ઉપયોગ કરીને), બજેટ તૈયાર કરવુ તેમજ એફઆરએ અને પીઇએસએમાં પ્રદાન કરવામાં આવેલ સ્થાનિક ફંડ અને બેન્ક એકાઉન્ટ સંભાળવા માટે મદદ કરવામાં આવે. (આ માટે સક્ષમ બનવાની તેમની ક્ષમતાઓ પર નિયંત્રણ લાવવાની વર્તમાન પધ્ધતિથી તદ્દન વિપરિત). **એ બાબતની સ્પષ્ટતા કરવી કે સીએએમપીએ, મનરેગા, ટીએસપી વગેરે હેઠળ ઉપલબ્ધ થતા સરકારી ફંડને વન વિભાગને સોંપવાની જગ્યાએ, એફઆરએ અને પીઇએસએમાં સૂચવ્યા મુજબ ગ્રામ સભાઓને ટ્રાન્સફર કરવામાં આવે.**

**સ્થાનિક સમુદાયો દ્વારા સમુદાય સંરક્ષિત વિસ્તારો (સીસીએ) તરીકે સંચાલન, સ્થાયી પ્રબંધન, કુદરતી ઇકોસીસ્ટમને પુનઃજીવન અને સંરક્ષણ માટે હાથ ધરાતા તમામ પ્રયાસોને શક્ય એટલી તમામ મદદ કરવી.** એફઆરએનું અસરકારક અમલીકરણ આવા સમુદાય સંરક્ષિત વિસ્તારોને કાયદાકીય સહાય પ્રદાન કરશે. એફઆરએ અને પીઇએસએની સાથે સાથે દરિયાકાંઠાના અને દરિયાઇ, વેટલેન્ડ, ઘાસિયા મેદાનો, રણ અને પર્વતીય પર્યાવરણસૃષ્ટિ જેવી ઇકોસીસ્ટમ માટે પણ કાયદા ઘડવાની જરૂર છે.

# સંક્ષિપ્ત સ્વરૂપો અને શબ્દાવલિ



**કોમ્પનસેટરી અફોરેસ્ટેશન (સીએ)** ને વનીકરણની પ્રક્રિયા અને તેની સાથે જોડાયેલી જંગલની ઉજ્જડ જમીન જેને બિન-વન્ય પ્રવૃત્તિઓ માટે તબદીલ કરવામાં આવી હતી તેને પુનઃજીવિત કરવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. એફઆરએની સમાંતરે, વન વિભાગે વનીકરણના કામ માટે ગ્રામ સભા પાસેથી મફતમાં, અગાઉથી તેમજ પૂરતી સમજણ સાથે સંમતિ લેવી જોઇએ કારણ કે ગ્રામ સભા પાસે એફઆરએ હેઠળ સામુદાયિક જંગલો અને સંસાધનોનું સ્વ-સંચાલન કરવાની સત્તા છે.

**ડિસ્ટ્રિક્ટ લેવલ કમિટિ (ડીએલસી)** એ માળખુ છે જે વન અધિકાર દાવાઓને અંતિમ મંજૂરી આપે છે અને તેની નોંધ થાય તે સુનિશ્ચિત કરે છે.

**ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન (એફપીઓ)** એ ખેડૂતોની કાયદેસર રચાયેલ એન્ટીટી, કંપની અથવા સહકારી મંડળી છે, જેની રચના તમામ ઉત્પાદકોને વધારે સારી આવક અને બજારો માટે સંગઠિત કરવા થઇ હતી.

**ગ્રામ સભાઓનું ફેડરેશન** એ ગ્રામ સભાઓની રાજકીય અને આર્થિક સંસ્થા છે જે સામુહિક કાર્યોના પ્રચાર અને અમલીકરણ માટે સાથે મળીને કામ કરે છે.

**ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ (એફડી)** એ જંગલના વહીવટ માટે રચાયેલી સરકારી એજન્સી છે. ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટ (વન વિભાગ) ની રચના બ્રિટિશ રાજ્ય દરમિયાન કરવામાં આવી હતી અને રાજ્યએ તેના દ્વારા ભારતીય જંગલો પર નિયંત્રણ રાખવાની પ્રથા ચાલુ રાખી છે.

**ફોરેસ્ટ રાઇટ્સ કમિટિ (એફઆરસી)** એ ગ્રામ સભા દ્વારા રચાયેલુ માળખુ છે જે વન અધિકારોનો દાવો કરવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે.

**ફોરેસ્ટ વિલેજીસ (એફવી)** એ એવા ગામો છે જે ઐતિહાસિક રીતે વન વિભાગના અંકુશ હેઠળ આવે છે અથવા જૂની વસાહતો, સર્વે ન થયેલ હોય એવા ગામો અને જંગલમાં સ્થિત અન્ય ગામો પછી ભલે તે નોંધાયા હોય, સૂચિત કરેલા હોય કે ન હોય. ગામો રેવન્યુ વિભાગ હેઠળ સમાવિષ્ટ ન થયા હોવાથી, તેમને ખૂબ જ ઓછા વિકાસલક્ષી લાભો થયા હતા અને કોઇ કાયદાકીય હકો પણ મળ્યા નહોતા.

**ઇન્ડીવીડયુઅલ ફોરેસ્ટ રાઇટ્સ (આઇએફઆર)** માં આદિવાસી અને જંગલમાં રહેનાર વનવાસીઓના જંગલની જમીન પર વસવાટ કરવાના અને ખેતી કરવાના અધિકારનો સમાવેશ થાય છે.

**જોઇન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ કમિટિ (જેએફએમસી),** વન વિભાગ અને ગ્રામ સભાના સભ્યોની બનેલી છે, જેમાં મોટેભાગે સત્તાનું અસંતુલન જોવા મળે છે, જ્યાં વન વિભાગ નિર્ણય લેવાની અને નફાની સત્તા ભોગવે છે જ્યારે સમુદાયની ભૂમિકા માત્ર નામ પૂરતી જ હોય છે.

# સંક્ષિપ્ત સ્વરૂપો અને શબ્દાવલિ



**લાર્જ સ્કેલ આદિવાસી મલ્ટીપર્પઝ કોઓપરેટિવ સોસાયટીઝ (એલએએમપીએસ)** એ આદિવાસી સમુદાયને આર્થિક મદદ પૂરી પાડવા માટે સરકારી યોજનાના સહકારથી ચાલતી સંસ્થાઓ છે જે અંતર્ગત આદિવાસી સમુદાયો ખેતીલક્ષી સહકારી મંડળીઓ દ્વારા ખરીદી, વેચાણ કરી શકે છે તેમજ લોન મેળવી શકે છે અને તેમના ઉત્પાદનોનો પ્રચાર કરી શકે છે.

**મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ (મનરેગા),** ૨૦૦૫ એ કાયદો છે જે ગામડામાં વસતા લોકોને અમુક નિશ્ચિત દિવસો સુધી કામ આપવાના અધિકારની બાંહેધરી આપે છે.

**મિનિસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાઇમેટ ચેન્જ (એમઓઇએફસીસી)** એ ભારતની પર્યાવરણીય અને વનીકરણ નીતિઓ અને કાર્યક્રમોના અમલીકરણનું આયોજન, પ્રચાર, સંકલન અને દેખરેખ રાખવા માટે કેન્દ્ર સરકારના વહીવટી માળખામાં રહીને કામ કરતી નોડલ એજન્સી છે.

**મિનિસ્ટ્રી ઓફ ટ્રાઇબલ અફેર્સ (એમઓટીએ)** એ શીડયુલ ટ્રાઇબ્સના વિકાસ માટેના કાર્યક્રમોની એકંદર નીતિ, આયોજન અને સંકલન માટે કાર્યરત નોડલ મંત્રાલય છે. એમઓટીએ એફઆરએના અમલીકરણ માટેની નોડલ એજન્સી છે.

**માઇનોર ફોરેસ્ટ પ્રોડયુસ (એમએફપી)** એન્ડ નોન-ટીમ્બર ફોરેસ્ટ પ્રોડયુસ (એનટીએફપી) માં લાકડા સિવાયની તમામ વન્ય પેદાશોનો સમાવેશ થાય છે જેનાથી રોકડ આવક થાય અને જંગલમાં રહેતા સ્થાનિક સમુદાયોનો નિર્વાહ થાય. એફઆરએની કલમ ૩(૧)(સી) અંતર્ગત 'માલિકીનો અધિકાર, ગૌણ વન્ય પેદાશના એકત્રીકરણ, વપરાશ અને નિકાલના અધિકારને માન્યતા આપવામાં આવી છે, જે પરંપરાગત રીતે ગામની હદની અંદર અને બહારથી એકત્રિત કરવામાં આવતી હતી. '

**નિસ્તાર અધિકારો** પહેલાના સમયમાં રાજાશાહી રાજ્યો, જમીનદારી અથવા આવા મધ્યવર્તી શાસન વખતે જંગલોમાં વસવાટ અને વપરાશ કરવા માટે માન્ય કરવામાં આવેલા સામુદાયિક અધિકારો છે. નિસ્તાર અધિકારની નોંધો ઘણા બધા રાજ્યોના સરકારી દસ્તાવેજો અને અહેવાલોમાં જોવા મળે છે.

**અધર ટ્રેડીશનલ ફોરેસ્ટ ડ્વેલર્સ (ઓટીએફડી)** એ એવા સ્થાનિક વસાહતીઓ અને સમુદાયો છે જે ઘણી પેઢીઓથી જંગલોમાં જ વસે છે અને એના પર જ નિર્ભર છે.

**પંચાયત એક્સટેન્શન ટુ શીડયુલ એરિયાઝ એક્ટ, ૧૯૯૬ (પીઇએસએ)** એક કાયદો છે જે જંગલો અને સંસાધનોના નિયંત્રણ, પ્રબંધન અને શાસનનો અધિકાર સ્થાનિક આદિવાસી સમુદાયોના હાથમાં સુપ્રત કરે છે. પેસાનો ઉદ્દેશ આદિવાસી વસતીને કુદરતી સંસાધનો પર વધારે પ્રમાણમાં અંકુશ અને પ્રબંધન અધિકાર પૂરા પાડીને ગરીબી, ખાદ્ય અસલામતી, કુપોષણ અને બહારી સ્થળાંતર ઓછા કરવાનો પણ છે જેનાથી તેમના જીવનધોરણની ગુણવત્તા અને

# સંક્ષિપ્ત સ્વરૂપો અને શબ્દાવલિ



આજીવિકામાં સુધારો થશે. આદિવાસી સમુદાયો માટે માન્યતા એટલા માટે મહત્વની છે કારણ કે તેમની જમીનો અને વન સંસાધનો સાથે તેમનું આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક જોડાણ તેમની ઓળખ સાથે વણાયેલા છે.

**પર્ટીક્યુલરલી વલ્નરેબલ ટ્રાઇબલ ગ્રુપ્સ (પીવીટીજી)** એ સરકાર દ્વારા કરવામાં આવેલુ આદિવાસી સમુદાયોનું વર્ગીકરણ છે જેને એ હદે પધ્ધતિસર બહાર કરવામાં આવ્યુ છે કે તેઓ ખૂબ જ ઓછો વિકાસ દર ધરાવે છે.

**પ્રોટેક્ટેડ એરિયાઝ (પીએ),** વન્યસૃષ્ટિ સુરક્ષા અધિનિયમ, ૧૯૭૨ અનુસાર, સરકાર દ્વારા સંરક્ષણના હેતુથી સીમાંકિત કરાયેલા વિસ્તારોનો સમાવેશ થાય છે જેવા કે રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો, કન્ઝર્વેશન રીઝર્વ અને કમ્યુનિટિ રીઝર્વ્સ. એફઆરએમાં વન્ય જમીનની વ્યાખ્યામાં પ્રોટેક્ટેડ વિસ્તારોનો સમાવેશ થાય છે, અને આદિવાસી અને વનવાસીઓના અધિકારોને તમામ સુરક્ષિત વિસ્તારોમાં માન્યતા પ્રાપ્ત થયેલી છે. એફઆરએની કલમ ૫ જણાવે છે કે આ ગ્રામ સભાઓ પાસે વન્યસૃષ્ટિ, જંગલ અને જીવવૈવિધ્યને સુરક્ષિત રાખવાની સત્તા છે. એ બાબત સુનિશ્ચિત કરવાની તેમની ફરજ છે કે જંગલની આસપાસના કેચમેન્ટ એરિયા, જળ સ્ત્રોતો અને અન્ય પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારો પણ પૂરતા સુરક્ષિત હોય.

**રેકોર્ડ ઓફ રાઇટ્સ (આરઓઆર)** એ વન અધિકારોની નોંધણી કરવાનું અંતિમ પગલુ છે, જ્યારે અધિકારો રેવન્યુ અને વન વિભાગની સરકારી નોંધોમાં પ્રવેશ પામે છે.

**રીઝર્વ્ડ ફોરેસ્ટ (આરએફ) એન્ડ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ (પીએફ)** ભારતીય વન અધિનિયમ (૧૯૨૭) મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જે રાજ્ય દ્વારા આ જંગલોને આપવામાં આવતી અલગ અલગ સ્તરની સુરક્ષા સૂચવે છે.

**સબ-ડીવીઝનલ લેવલ કમિટિ (એસડીએલસી)** ગ્રામ સભાઓ દ્વારા કરવામાં આવેલા વન અધિકાર માટેના ખરડાઓનું નીરિક્ષણ કરે છે અને તે ડીએલસીને સોંપે છે.

Alternatives India
VIKALP sangam
www.vikalpsangam.org

CFR-la
Community Forest Rights - learning & advocacy

આ સામાયિક કમ્યુનિટી ફોરેસ્ટ રાઇટ્સ લર્નિંગ એન્ડ એડવોકસી (સીએફઆર-એલએ) અને વિકલ્પ સંગમના સંયુક્ત પ્રયાસોની નીપજ છે. વસંધુરા (https://www.vasundharaodisha.org/) અને કલ્પવૃક્ષના (https://kalpavriksh.org/) સહકાર વિના આ દસ્તાવેજ શક્ય ન બન્યો હોત.

**કોઇ પણ પ્રશ્ન હોય તો, સંપર્ક કરોઃ**
**અદિતિ પીન્ટોઃ** vandhikarmedia@gmail.com
**જુહી પાંડેઃ** studiojuhi@gmail.com

**સામુદાયિક વાર્તાના વર્ણન અને લેખનકારઃ**
સૃષ્ટિ રાજનંદગાંવ, છત્તીસગઢના કેશવ ગુરનુલે;
વીએનસીએસના લલિત ભંડારકર અને દીલીપ ઘોડે તેમજ સીએફઆરએમસી, ગોંદીઆ, મહારાષ્ટ્રના નારાયણ સાલમે;
એઆરસીએચ વાહિની, નર્મદા, ગુજરાતના તૃપ્તિ મહેતા;
બારીપાડા ગામ, ધુલે, મહારાષ્ટ્રના ચૈતરામ પવાર;
સહજીવન, કચ્છ, ગુજરાતના રમેશ ભટ્ટી, ઇશા મેરન મુતવા, રીતેશ પોકાર અને ભારતી નંજાર;
લોક સમન્વય પ્રતિષ્ઠાનના પ્રતિભા શીંદે અને નંદુરબાર, મહારાષ્ટ્રના સત્રાસેન મોતીરામ;
ઉત્તર બંગા બન-જન શ્રોમોજીબી મંચ, અલીપુરદુઆર, પશ્ચિમ બંગાળના સૌમિત્રા ઘોષ, સ્વરૂપ સાહા, સુંદર સિંઘ રાવ અને લાલ સિંઘ ભુજેલ
ડીંડોરીમાં ગ્રામદુત કાર્યક્રમના બલવંત રહાંગડાલે અને ભૂમિ અધિકાર આંદોલન, મંડલા, મધ્ય પ્રદેશના રાહુલ શ્રીવાસ્તવ;
ચમારાજનગર, કર્ણાટકામાં જીલ્લા બુડાકટ્ટુ ગિરિજન અભિવૃધ્ધિ સંઘના ડો. સી મડેગૌડા;
નયાગઢ, ઓડિસામાં વસુંધરાના હેમંતકુમાર સાહુ અને નીલમણી મોહાપાત્રા;

**પ્રસ્તાવના, ચાવીરૂપ બોધપાઠ અને ભલામણો**
નીમા પાઠક બ્રૂમે અને તુષાર દાશ

**કાયદાકીય સૂચનો**
(પાવર ટુ પીપલ/પાવર ટુ ગ્રામસભા માંથી - એ લીગલ રીસોર્સ સેન્ટર દસ્તાવેજ) પૂજા અને સંઘમિત્રા દુબે

**સમુદાય સાથે પત્રવ્યવહાર**
આથિરા કિશ્નન, અદિતિ પીન્ટો, અર્ચના સોરેંગ, સંઘમિત્રા દુબે અને સર્વેશ ચર્તુવેદી

**લેખન, સંકલન અને વિકાસલક્ષી એડિટ**
અદિતિ પીન્ટો

**કોપી એડિટીંગ અને પ્રુફ રીડીંગ**
અદિતિ પીન્ટો અને સુસ્મિતા

**ફ્લો અને લેઆઉટ**
જુહી પાંડે

**ડિઝાઇન**
નવીદ દાદન

**અનુવાદ**
જીમી શાહ

**અવતરણો:** વિકલ્પ સંગમ અને સીએફઆર-એલએ, *સામુદાયિક વન અધિકારો અને મહામારીઃ ગ્રામસભાઓ માર્ગ ચીંધે છે-'સાધારણ લોકોનું અસાધારણ કામ-મહામારી અને લોકડાઉનની પેલે પાર' સીરીઝનો વોલ્યુમ ૨ અને કોવીડ ૧૯ અને વન અધિકારો*, વિકલ્પ સંગમ કોર ગ્રુપ, પૂને, ઓક્ટોબર ૨૦૨૦ નું બુલેટીન ૫.

આ એક કોપીલેફ્ટ પ્રકાશન છે. તેને બિન-વ્યાવસાયિક હેતુઓ માટે મુક્ત રીતે પ્રકાશિત કરી શકાય છે, તેમાં આ તૈયાર કરવામાં યોગદાન આપનાર માટે શ્રેય અને પ્રશસ્તિપત્રનો ઉલ્લેખ કરવો આવકાર્ય છે, કોઇ પણ પુનઃપ્રકાશન આ જ સ્વરૂપમાં અને કોઇ પણ જાતના કોપીરાઈટ વિના થવુ જોઇએ.

આ દસ્તાવેજનું સર્જન સીએફઆર-એલએ અને વિકલ્પ સંગમના સંયુક્ત પ્રયાસ તરીકે, અધિકારોની ઓળખ, જમીનના હકની સલામતી અને ગ્રામસભાઓ દ્વારા સામુદાયિક વન શાસનના મહત્વ તરફ પ્રકાશ ફેંકવા માટે કરવામાં આવ્યુ હતુ જેથી કોવીડ૧૯ અને મહામારીના સમયમાં સમુદાયો તેમનું અસ્તિત્વ ટકાવવા સક્ષમ બની શકે.

બંને ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલ સંશોધન અને દસ્તાવેજીકરણ કામગીરી અંગે વધુ માહિતી મેળવવા માટે નીચેની લિંક પર ક્લિક કરોઃ

કોવીડ૧૯ અને વન અધિકાર બુલેટિન One, Two, Three, Four
સાધારણ લોકોનું અસાધારણ કામ: Volume 1, Graphic Novel

સામુદાયિક વન અધિકારો-લર્નિંગ અને એડવોકસી (સીએફઆર-એલએ)ની પ્રક્રિયા ૨૦૧૧ માં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ ની સામુદાયિક વન અધિકાર જોગવાઇઓ સાથે સંબંધિત માહિતી અને અનુભવોની આપ-લે ને સરળ બનાવવા માટે શરૂ કરવામાં આવી હતી. આદિવાસી અને શીડયુલ કાસ્ટ વિસ્તારોમાં વ્યાપક ધોરણે અનુભવાયેલી તકલીફોને ધ્યાનમાં રાખીને કોવીડ૧૯ અને વન અધિકાર બુલેટિન સીરીઝની પરિકલ્પના કરવામાં આવી હતી. બુલેટિનમાં મહામારી દરમિયાન વનમાં વસતા સમુદાયોના અવાજને રજૂ કરવામાં આવે છે.

વધુ માહિતી માટે, કૃપા કરી મુલાકાત લોઃ
http://www.cfrla.org.in/resource.aspx and www.fra.org.in

વિકલ્પ સંગમ એક એવુ મંચ છે જે માનવજાતને ન્યાયી, સમાન અને સ્થાયી માર્ગો ચીંધવા તેમજ પર્યાવરણની સુખાકારી માટે કામ કરતી ચળવળો, જૂથો અને વ્યક્તિઓને સાથે લાવે છે. તે વિકાસના વર્તમાન મોડલ અને તેની હેઠળ રહેલા અસમાનતા અને અન્યાયના માળખાને નકારે છે, અને તેના કોઇ વિકલ્પો કાર્યરત હોય અથવા વિચારોમાં હોય તો તેની શોધ કરે છે. દેશભરની લગભગ ૬૦ ચળવળો અને સંસ્થાઓ તેના કોર ગ્રુપની સભ્ય છે.
વધુ માહિતી માટે, કૃપા કરી મુલાકાત લો:
http://www.vikalpsangam.org/about/

- એકોર્ડ (તમિલનાડુ)
- અલાયન્સ ફોર સસ્ટેનેબલ એન્ડ હોલીસ્ટીક એગ્રીકલ્ચર (રાષ્ટ્રીય)
- ઓલ્ટરનેટિવ લો ફોરમ (બેંગલુરૂ)
- અશોકા ટ્રસ્ટ ફોર રીસર્ચ ઇન ઇકોલોજી એન્ડ ધ એન્વાયરમેન્ટ (બેંગલુરૂ)
- ભાષા (ગુજરાત)
- ભૂમિ કોલેજ (બેંગલુરૂ)
- બ્લુ રીબન મુવમેન્ટ (મુંબઇ)
- સેન્ટર ફોર એજયુકેશન એન્ડ ડોક્યુમેન્ટેશન (મુંબઇ)
- સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજયુકેશન (ગુજરાત)
- સેન્ટર ફોર ઇક્વિટી સ્ટડીઝ (દિલ્હી)
- સીજીનેટસ્વરા (છત્તીસગઢ)
- ચલાકુડીપુઝાસંરક્ષણ સમિતિ/રીવર રીસર્ચ સેન્ટર (કેરાલા)
- કોમ્મ્યુટિનીઃ ધ યુથ કલેક્ટીવ (દિલ્હી)
- ડેક્કન ડેવલપમેન્ટ સોસાયટી (તેલંગાના)
- ડીઅર પાર્ક (હિમાચલ પ્રદેશ)
- ડેવલપમેન્ટ ઓલ્ટરનેટિવ્સ (દિલ્હી)
- ધરામિત્ર (મહારાષ્ટ્ર)
- એક્તા પરિષદ (વિવિધ રાજ્યોમાં)
- એક્થા (ચેન્નાઇ)
- ઇક્વેશન્સ (બેંગલુરૂ)
- જીન કેમ્પેઇન (દિલ્હી)
- ગ્રીનપીસ ઇન્ડિયા (બેંગલુરૂ)
- હેલ્થ સ્વરાજ સંવાદ (રાષ્ટ્રીય)
- આઇડીયોસીન્ક (દિલ્હી)
- જાગોરી ગ્રામીણ (હિમાચલ પ્રદેશ)
- કલ્પવૃક્ષ (મહારાષ્ટ્ર)
- નોલેજ ઇન સિવિલ સોસાયટી (નેશનલ)
- ક્રિતી ટીમ (દિલ્હી)
- લદાખ આર્ટ્સ એન્ડ મીડીયા ઓર્ગેનાઇઝેશન (લદાખ)
- લોકલ ફ્યુચર્સ (લદાખ)
- માટી (ઉત્તરાખંડ)
- મહિલા કિસાન અધિકાર મંચ (નેશનલ)
- મઝદૂર કિસાન શક્તિ સંગઠન (રાજસ્થાન)
- નેશનલ અલાયન્સ ઓફ પીપલ્સ મુવમેન્ટ (નેશનલ)
- નિરાંગલ (તમિલનાડુ)
- નોર્થ ઇસ્ટ સ્લો ફૂડ એન્ડ એગ્રોબાયોડાયવર્સિટી સોસાયટી (મેઘાલય)
- પીપલ્સ સાયન્સ ઇન્સ્ટીટયુટ (ઉત્તરાખંડ)
- રીવાઇટલાઇઝીંગ રેઇનફેડ એગ્રીકલ્ચર નેટવર્ક (નેશનલ)
- રીસ્ટોર (ચેન્નાઇ)
- સહજીવન (કચ્છ)
- સંભાવના (હિમાચલ પ્રદેશ)
- સંવેદના (મહારાષ્ટ્ર)
- સંગમા (બેંગલુરૂ)
- સંગત (દિલ્હી)
- સ્કૂલ ફોર ડેમોક્રસી (રાજસ્થાન)
- સ્કૂલ ફોર રૂરલ ડેવલપમેન્ટ એન્ડ એન્વાયરમેન્ટ (કાશ્મીર)
- શિક્ષાંતર (રાજસ્થાન)
- સ્નો લેપર્ડ કન્ઝર્વન્સી ઇન્ડિયા ટ્રસ્ટ (લદાખ)
- સોશિયલ આન્ત્રપ્રીન્યોરશીપ એસોસિયેશન (તમિલનાડુ)
- એસઓપીપીઇસીઓએમ (મહારાષ્ટ્ર)
- સાઉથ એશિયન ડાયલોગ ઓન ઇકોલોજીકલ ડેમોક્રસી (દિલ્હી)
- સ્ટુડન્ટ્સ એન્વાયરમેન્ટલ એન્ડ કલ્ચરલ મુવમેન્ટ ઓફ લદાખ (લદાખ)
- થાનલ (કેરાલા)
- ટીમ્બકટુ કલેક્ટીવ (આંધ્ર પ્રદેશ)
- તિતલી ટ્રસ્ટ (ઉત્તરાખંડ)
- ટ્રાઇબલ હેલ્થ ઇનીશીયેટીવ (તમિલનાડુ)
- ઉરમુલ (રાજસ્થાન)
- વૃક્ષમિત્ર (મહારાષ્ટ્ર)
- વોટરશેડ સપોર્ટ સર્વિસીસ એન્ડ એક્ટીવીટીઝ નેટવર્ક (આંધ્ર પ્રદેશ/તેલંગાના)